
# Gyan Amrit
# ज्ञानामृत

July 2026 - Issue 07
Retail Price ₹ 15/-










મનમોહિની દીદી સ્મૃતિ દિવસ



નવસારીમાં 'ઈકો કેર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અભિયાન'ના દળના સ્વાગત સન્માન બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. ગીતાબેન.



અમદાવાદ ચાંદખેડામાં 'ઈકો કેર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અભિયાન'ના આગમન સમયે ટીમ સાથે બ્ર.કુ. સંગીતાબેન.



ભરૂચ ઝાડેશ્વરમાં 'ઈકો કેર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અભિયાન'ના કાર્યક્રમમાં બ્ર.કુ. મોહનભાઈ સીંગલ, બ્ર.કુ. ભારતભુષણભાઈ, બ્ર.કુ. અસ્મીતાબેન, બ્ર.કુ. પ્રભાબેન.



ધારી સેવાકેન્દ્રમાં પધારેલ નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ ભ્રાતા જયદીપભાઈ બસિયાના સન્માન બાદ સમુહમાં બ્ર.કુ. ભારતીબેન, બ્ર.કુ. ભાવિકાબેન.



જુનાગઢમાં 'બાળ સંસ્કાર ઘડતર શિબિર'નું ઉદ્‌ઘાટન કરતાં ભ્રાતા જંયતીભાઈ વધાસીયા, ભ્રાતા સેતુલભાઈ કીકાણી, બ્ર.કુ. બીનાબેન તથા અન્ય.



વલસાડમાં 'સાઈનીંગ સ્ટાર સમર કેમ્પ'ના શુભારંભે અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ ભગિની કિન્નરીબેન શ્રોફ, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. ફાલ્ગુનીબેન અને બ્ર.કુ. મોનીકાબેન.



વડોદરા અટલાદરા સેવાકેન્દ્રમાં 'ટ્રાન્સપોર્ટ ટ્રાવેલ વીંગ' દ્વારા વડોદરા શહેર પોલીસ માટે આયોજીત 'સુહાના સફર' સેમીનારનો શુભારંભ કરતાં DCP ભગિની મંજીતા કે. વણઝારા SPS, ACP ભ્રાતા અશોકભાઈ કાટકર, બ્ર.કુ. અરૂણાબેન તથા સભામાં પોલીસ કર્મીઓ.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૯ | જુલાઈ - ૨૦૨૬ | અંક : ૦૭

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**

## અમૃતસૂચિ


- દીદી મનમોહિનીજી ............................તંત્રી સ્થાનેથી ..04
- બાળસરિતા ........................................બ્ર.કુ. અનુ ..06
- પ્રભુ પ્રસાદ - મુશ્કિલ કોઈ આન પડી .........બ્ર.કુ. નીતા ..08
- કર્મ અને ભાગ્ય .................................બ્ર.કુ. નીલમ ..11
- વન-વન-વન નવયુગી કાલ ....................બ્ર.કુ. સંજય ..12
- પુરુષાર્થ ...............................બ્ર.કુ. ડો. કનૈયાલાલ ..15
- દીદી મનમોહિનીજી ...............................બ્ર.કુ. હેમંત ..16
- મોહની મુક્તિ - ગીતાનો ........................બ્ર.કુ. નિકુંજ ..21
- દશાવતાર અને વર્ણોના આધ્યાત્મિક .....બ્ર.કુ. વિવેકાનંદ ..22
- વાહ ડ્રામા વાહ ...............................બ્ર.કુ. જૂનાગઢ ..25
- જ્ઞાન પરબ - યજ્ઞ માતા આધશક્તિ .........બ્ર.કુ. જગદીશ ..26
- રમતગમતમાં નૈતિકતા - આધ્યાત્મિકતા .બ્ર.કુ. સમરજીત ..28
- વાચકોના પ્રતિભાવ ..............................................31
- સંગમયુગની પ્રશ્નાવલી, ભાગ-5 ................................32



**2026 ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |

મુદ્રક અને પ્રકાશક

**ભારતી રણછોડદાસ સોમૈયા**

તંત્રી

**ડો. નંદિની હર્ષદરાય દ્વિવેદી**

માલિક

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**


જ્ઞાનામૃત માટે કૃતિઓ, ફોટા, લેખ, કવિતા, અન્ય પ્રકાશન સામગ્રી તંત્રીશ્રી, જ્ઞાનામૃત કાર્યાલયના નામે - સરનામે મોકલવા અથવા ઈમેઈલ દ્વારા મોકલવા gyanmrit.guj@gmail.com

**~: વિશેષ નોંધ :~**

જ્ઞાનામૃતના સભ્ય બનવા નીચે આપેલ બેંક ખાતાની વિગતનો ઉપયોગ કરી ઓનલાઈન, રોકડા, ચેક, ડી.ડી.થી લવાજમ ભરવું. GPay, મોબાઈલ નંબર કે Phone Pay ઉપર લવાજમ ભરી શકાશે નહીં.

**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**


**જ્ઞાનામૃત કાર્યાલય - પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - 380 022.**

Mobile : **+91 94267 08448** Phone : **079 - 2532 4460**

Email : **gyanamrit.guj@gmail.com**

### તંત્રી સ્થાનેથી

# દીદી મનમોહિનીજી

## શાંતિ અને નિસ્વાર્થ સેવાનું પ્રતિક

બ્રહ્માકુમારી સંસ્થાના પૂર્વ સહમુખ્ય પ્રશાસિકા દીદી મનમોહિનીજીનું સમગ્ર જીવન શાંતિ, નિર્મળ પ્રેમ અને નિસ્વાર્થ સેવાભાવના મૂલ્યોને જીવંત બનાવવાનું અદભૂત ઉદાહરણ રહ્યું છે. તેઓ માત્ર વાણીથી નહીં, પરંતુ મનસા, કર્મણા દ્વારા સ્વયંના જીવનના દરેક ડગલે ને પગલે રાજયોગના સિદ્ધાંતોને આત્મસાત કરીને જીવ્યા. તેમનું શિસ્ત, સાદગી, મીઠાશ અને નિસ્વાર્થ ભાવ પ્રત્યેક વ્યક્તિના હૃદયને સ્પર્શી જતા.

### દીદીજીનું મહાયજ્ઞ પ્રતિ યોગદાન

દીદી મનમોહિનીજીનું બાબાના મહાયજ્ઞ માટેનું યોગદાન અત્યંત વિશાળ અને બહુમૂલ્ય રહ્યું છે. તેમણે સંસ્થાના સંગઠનાત્મક વિકાસ અને આધ્યાત્મિક સેવા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ એવી બેવડી ભૂમિકા ભજવી.

- સંસ્થાની **વહીવટી વ્યવસ્થાને સુદૃઢ બનાવવામાં** તેમણે અગત્યનો સિંહફાળો આપ્યો. જેમાં તેમણે ઈશ્વરીય પરિવાર માટે શિસ્ત, પારદર્શિતા અને અલૌકિક જવાબદારીના મૂલ્યોને મજબૂત કર્યા.
- દેશ-વિદેશમાં સેવાકેન્દ્રોનો **વિસ્તાર અને સંકલનકાર્યમાં** અમૂલ્ય માર્ગદર્શન આપી રાજયોગનો ઈશ્વરીય સંદેશ વ્યાપક રીતે પહોંચાડ્યો.
- બ્રહ્માકુમારી બહેનોના આધ્યાત્મિક સશક્તિ-કરણ માટે તેમણે વિશેષ પ્રેરણાઓ આપી. જેમાં **નેતૃત્વ, આત્મવિશ્વાસ અને આત્મજાગૃતિનો વિકાસ** થયો.
- રાજયોગ અને આધ્યાત્મિકતાનો સંદેશ સમગ્ર વિશ્વમાં ફેલાવી તેઓએ **શાંતિ, નૈતિકતા અને માનવીય મૂલ્યોના પ્રચાર-પ્રસાર** કરવામાં યોગદાન આપ્યું.

### દાદી પ્રકાશમણીજી સાથે આત્મીય સંબંધ અને ઈશ્વરીય સેવાઓ

દીદી મનમોહિનીજીનો પૂર્વ મુખ્ય પ્રશાસિકા દાદી પ્રકાશમણીજી સાથેનો સંબંધ અત્યંત આત્મીય, વિશ્વાસપૂર્ણ, આધ્યાત્મિક શક્તિઓથી ભરપૂર અને સખીભાવનો રહ્યો. તેઓ દાદી પ્રકાશમણીજીના અત્યંત અને અંગત વિશ્વાસપાત્ર સહયોગી બનીને સંસ્થાના દરેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં અને ઈશ્વરીય કાર્યોમાં પણ સદૈવ અગ્રસર રહ્યા.

દાદી પ્રકાશમણીજીના માર્ગદર્શન હેઠળ દીદી મનમોહિનીજીએ સંસ્થાના તમામ વહીવટી તેમજ આધ્યાત્મિક સેવાકાર્યોમાં **સમર્પણ તથા નિસ્વાર્થ ભાવથી જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવાઓ આપતાં રહ્યાં.** દાદી અને દીદી બંને વચ્ચેનો પારસ્પરિક સંબંધ અલૌકિક હતો. જેમાં પરસ્પર એકબીજા માટે સન્માન, સમજૂતી, ત્યાગ અને એકતા ઝળહળતી હતી.

- દાદી પ્રકાશમણીજીના વિઝનને સાકાર કરવામાં મનમોહિની દીદીજીએ એક **મજબૂત આધારસ્તંભ તરીકે સાચા સાથી બની સાથ નિભાવીને કાર્ય કર્યું.**
- સંસ્થાના મહત્વપૂર્ણ નિર્ણયો અને આયોજનોમાં તેઓ વિશેષ **સહયોગી અને માર્ગદર્શક બની પોતાની ભૂમિકા અદા કરતાં.**

- દાદી અને દીદીએ એક અનોખી બેમીસાલ જોડી બની, સંસ્થામાં **સંયુક્ત નેતૃત્વ, સમર્પણ અને આધ્યાત્મિક શક્તિનું સુંદર સંતુલન પૂરું પાડ્યું.**

આ બંને મહાન આત્માઓનું સંકલનકાર્ય બ્રહ્માકુમારી સંસ્થાની પ્રગતિ અને વૈશ્વિક સેવા માટે એક સશક્ત પ્રેરકબળ બની રહ્યું છે.

દાદી મનમોહિનીજીનું નેતૃત્વ સરળ, પ્રેમસભર અને મૂલ્યસભર હતું. તેમનામાં લવ (પ્રેમ) અને (લો) શિસ્તનું બેલેન્સ હતું. તેઓ દરેક કાર્યને પરમાત્માનો આદેશ એટલે કે ઈશ્વરીય સેવા તરીકે જોતાં. દરેક આત્માને સમાન દૃષ્ટિથી પ્રેમ આપતા. તેમની ઉપસ્થિતિમાં દરેક આત્માને શાંતિ અને આત્મીયતાનો અનુભવ ચોક્કસ થતો હતો. દીદી તેમના જીવન દ્વારા આપણને એ ઈશારો આપતાં ગયા કે, સાચી સફળતા બહારની (લૌકિક) સિદ્ધિઓમાં નહીં, પણ આંતરિક શુદ્ધતા, સકારાત્મકતા અને નિસ્વાર્થ સેવાભાવમાં જ સમાયેલી છે. આજે તેમના સ્મૃતિમાસમાં દીદીની છબી નજરોની સામે આવે છે ત્યારે તેમના વ્યક્તિગત મૂલ્યોને અપનાવવાનો સંકલ્પ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

॥ ૐ શાંતિ ॥

**બ્ર. કુ. ડો. નંદિની**

---

**(પેજ નં. 11નું અનુસંધાન)...કર્મ અને ભાગ્ય**

બનાવીને પુરુષાર્થ કરવો એ જ સાચો માર્ગ છે. હાથની રેખાઓ આપણું ભવિષ્ય નક્કી નથી કરતી પણ આપણી આંતરિક જાગૃતિ અને પુરુષાર્થ નવું નસીબ ઘડે છે તેથી, ભાગ્ય નબળું બને છે તેવો અફસોસ કરવાને બદલે મનના વિચારોને સશક્ત બનાવીએ. 'શ્રેષ્ઠ સંકલ્પ એક સુંદર કર્મની શરૂઆત છે અને સુંદર કર્મ એ ઉજ્જવળ ભાગ્યનો આધાર છે'

॥ઓમ શાંતિ॥

**(પેજ નં. 27નું અનુસંધાન).... યજ્ઞ માતા આદ્ય**

અપાય તો તે યજ્ઞ કહેવાય નહીં. દ્રૌપદીનો જન્મ યજ્ઞના હવન કુંડમાંથી થયો હતો, માટે તેનું એક નામ યજ્ઞ સૈનિ પણ કહેવાય છે. તેવી જ રીતે સરસ્વતીનો જન્મ પણ આ બ્રહ્મા દ્વારા સ્થાપિત યજ્ઞથી થયેલો માનવામાં આવે છે, હવનકુંડ વાળો યજ્ઞ નહીં. દરેક દેવીઓના હાથમાં શસ્ત્ર હોય છે જ્યારે મા સરસ્વતીના હાથમાં કોઈ શસ્ત્ર હોતું નથી પરંતુ  એક વાજિંત્ર વીણા હોય છે. જેમ શ્રીકૃષ્ણ પણ હથિયાર ઉઠાવતા નથી અને તેમના હાથમાં પણ એક વાંસળી જ હોય છે, જે અતિઇન્દ્રિય સુખની નિશાની છે. તેઓ કમળ આસનધારી છે, જે સંસારથી અલિપ્ત ન્યારા-પ્યારા હોવાનું સૂચક છે. તેમની પાસે એક શ્વેત હંસ હોય છે જે ગુણગ્રાહી દ્રષ્ટિનું પ્રતીક છે, જેમ હંસ ક્ષીર અને નિરમાંથી ફક્ત નિરને જ ગ્રહણ કરે છે, કાંકરા અને મોતીમાંથી ફક્ત મોતીનો જ ચારો ચરે છે અર્થાત તેઓ નકારાત્મક વસ્તુને ગ્રહણ ન કરતા સારા સારા ગુણો લઈને સર્વગુણ સંપન્ન બને છે. તેમના એક હાથમાં ચાર વેદ પણ હોય છે. જે દર્શાવે છે કે તેઓ વેદોનો અભ્યાસ કરીને સત્ય જ્ઞાન પ્રદાન કરે છે. એમની પાસે એક મોર હોય છે, જે પવિત્રતાનું પ્રતીક છે. તેમના સુમધુર બોલ સર્વને પ્રસન્ન અને મંત્રમુગ્ધ કરે છે. આમ જગદંબા સરસ્વતીની મહિમા પણ પરમાત્માની જેમ અપરંપાર છે. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે આવી માં સરસ્વતીના આપણે બાળકો છીએ. મીઠી માવડીને તેમના સ્મૃતિ દિવસ પર કોટિ-કોટિ વંદન.

**॥ ઓમ શાંતિ ॥**

# બાળસરિતા

## બ્ર.કુ. અનુબેન, રાજુલા

ચાલો પ્રિય બાળકો,

ચાલો આજે મનમંદિરની ઓસરીમાં બેસીએ. જીવનને અનુરૂપ અને વ્યવહારમાં કામ લાગે તેવી હૃદયસ્પર્શી સત્ય ઘટના સાંભળીએ. સાથે તેનો સાચો ભાવાર્થ પણ આજે જાણી લઈએ. ખરુંને? બાળકો હજી તો આપણી જીવનરૂપી યાત્રાનો પહેલો પડાવ છે. જેમાં આ ઘટના ખૂબ કામ આવશે. ચાલો સૌ એકાગ્રતાથી, શાંતિથી અને તલ્લીન થઈને વાત સાંભળીએ.

એક કડીયાભાઈ, મકાન બાંધકામના ખૂબ સારા કારીગર. નામ હતું તેનું મણિરામ. કામ એવા જ ગુણ. ગુણ જેવી જ તેની શકિત, સાદા, સીધા, સરળ તન - મનવાળા. ગામમાં તેની પ્રસિદ્ધિ એવી કે સહુ કોઈ એમ કહે કે જયારે મણિરામ નવરો પડે ત્યારે તેની પાસે જ મકાન બનાવવું છે. પછી ભલેને વાર લાગે, પણ મકાન તો મણિરામના હાથે જ. કારણ કે મણિરામ, માત્ર મકાન બનાવતા ન હતા. તે મકાન માત્ર ઈંટો, રેતી, પથ્થર, ચુનો, માટી, સિમેન્ટથી નહોતા બનાવતા પણ તેની સાથે સાથે ખૂબ ચીવટ, નિષ્ઠા, સચ્ચાઈ, શાંતિ, ધૈર્ય, ખંત, પોતાપણું જેવા ગુણો વખતો-વખત ઉમેરતા. માટે મકાન એ મકાન છે તેમ નહોતું લાગતું પણ મંદિર બની જતુ. નાનપણમાં તે તેમના પિતા પાસેથી સીધો સીખેલો અને હવે તો મોટી ઉંમર થઈ, બે બાળકો પણ મોટા થઈ ગયાં. ભણીગણીને કમાવવા લાગ્યાં. તે પણ તેમના પિતાના સ્વભાવથી પરિચિત હતાં. પિતાને નિષ્ઠા-સચ્ચાઈ પ્રિય હતાં, એટલે બન્ને પુત્રોએ મણિરામ (પિતા)ને આગ્રહ કર્યો કે, પિતાજી હવે તમારી ઉંમર મોટી થઈ ગઈ, ખૂબ કામ કર્યું છે અને હવે અમે તો કમાવવા પણ લાગ્યાં છીએ. તમારી બધી જરૂરિયાતો અમે ચોક્કસ પુરી કરીશું. બન્ને પુત્રો સુરેશ અને સુશીલ પિતા જેવા જ સ્વભાવના હતા. પણ પિતા જેવો કડીયા-કારીગરીનો ધંધો ન હતો. પુત્રોની વાત સાંભળીને મણિરામ ખૂબ ખુશ થઈ ગયા. તેને પોતાના બન્ને પુત્રો માટે અત્યંત ભરોસો હતો. બન્ને દિકરાઓની વાત સાંભળીને રાજી-રાજી થઈને મણિરામ ઉપડ્યા તેના કોન્ટ્રાક્ટર પાસે અને પુત્રોની મરજી અને હવે પોતાની ઉંમરની વાત કરી. કોન્ટ્રાક્ટર પણ રાજી થઈ ગયા. તેઓ પણ મણિરામ પર ખૂબ પ્રસન્ન હતાં. તેમણે કહ્યું વાત સાચી છે, હવે તમારો આરામનો સમય છે.

પ્રભુભજન અને સતસંગનો સમય છે. બન્ને પુત્રો સક્ષમ છે. તો તેના જેવું સુંદર બીજું કંઈ નથી. મણિરામ અને કોન્ટ્રાક્ટર સાથે મળી ખૂબ વાતો કરી, ચા પાણી થઈ ગયાં. મણિરામને તેનાં નીકળતા બાકી પૈસા (રકમ) કોન્ટ્રાક્ટરે ચુકવી, તેને ખુશ રાખવા થોડાક વધારા રૂપિયા આપી બોનસ પણ આપ્યું. બન્ને છુટા પડવા માટે ઉભા થયા, મોંઢા હરખાઈ ગયા. હાથ મિલાવવા ગયા ત્યાં કોન્ટ્રાક્ટરે એક નાનો કાગળ જેમાં પ્લાન દોરેલો હતો તે કાગળ મણિરામના હાથમાં મુક્યો અને કહ્યું કે, મણિરામ છેલ્લા 40-45 વર્ષથી આપણે સાથે છીએ તો એક વિચાર આવ્યો, છુટા પડીયે છીએ તો આ એક મારૂ છેલ્લું કામ (મકાનનું) કરતાં જાઓને? ના નહી કહેતા. તમારે જ બનાવવાનું છે. એટલે ના નહી કહેતા. લાગણીશીલ અને સંબંધ સાચવવાવાળા મણિરામે કોન્ટ્રાક્ટરને ના ન કહી શક્યા. બીજા દિવસે

મકાનનાં સ્થળ પર પહોચવાનું નક્કી હતું. કાલ સવારથી કામ ચાલુ જ કરવાનું હતું. રાત્રે ખૂબ મનોમંથન ચાલ્યું. વિચારોના વમળો ગોળ ગોળ ફરવા લાગ્યા. પુત્રોને શું કહેવું? કેવી રીતે કહેવું? પોતાની મનોસ્થિતિ વ્યથિત થઈ ગઈ હતી. પણ સંબંધ સાચવવાની રીત જાણનાર મણિરામ સવારના સ્થળ પર પહોચી ગયાં.

માલ સામાન, બીજા માણસો, મજુરો પણ તૈયાર હતા, બધું તૈયાર હતું. પણ મણિરામનું મન તૈયાર ન હતું. વ્યગ્ર મને, ભારે હૈયે, વિચારોનાં વમળમાં કામ તો ચાલુ કરી દીધું. અને સિમેન્ટ, રેતી, પથ્થર, બધું પહેલાની જેમ તૈયાર હતું. પણ મણિરામનું મન અશાંત, વ્યાકુળ, વ્યગ્ર ઉત્પાત, ઉતાવળ, ભારે હૈયે, અશાંત મને કામ તો ચાલુ કર્યું. પેલી નિષ્ઠા, શાંતિ, ધીરજ, પ્રેમ, ખંત આ બધા ગુણો તો અદ્દશ્ય થઈ ગયાં. તેની જગ્યાએ ઉતાવળ, અશાંતિ, વ્યગ્રતાએ સ્થાન લઈ લીધું. કયાંક ઉતાવળ, કયાંક માપમાં ભૂલ પડે, કયાંક સામાનનું પ્રલોભન લાગે, ઝડપને કારણે ગુણવત્તા પણ ભૂલાતી જતી, મકાન તો જલ્દી-જલ્દી ઉભું થઈ ગયું. કયાંક પાણી ઓછું પીવડાવ્યું, કયાંક આધાર જલ્દી હટાવ્યાં, કયાંક માપનો ફેરફાર, કયાંક અસલ સામાનની ચકાસણી ના કરી, મકાન તો પુરૂ થઈ ગયું. લાઈટ, પાણી, ગટર, બારી-બારણા બધું તૈયાર થઈ ગયું.

મણિરામ કોન્ટ્રાક્ટર પાસે તૈયાર મકાનની ચાવી આપવા ગયાં. કોન્ટ્રાક્ટરને આશ્ચર્ય થયું કે આ વખતે ખૂબ જલ્દી-જલ્દી મકાન તૈયાર થઈ ગયું. મણિરામે રાજીપો દર્શાવ્યો અને બોલ્યા આ છેલ્લું હતું ને? વળી, કોન્ટ્રાક્ટરે ચા પીવડાવી પૈસા ચૂકવ્યા અને બહાર દરવાજે ઉભા રહીને મકાનની ચાવી મણીરામને પાછી આપતાં કહ્યું, જુઓ મણિરામ, આ મકાન તમારા માટે જ તમારે બનાવવાનું હતું. આ તમને ભેટના રૂપમાં મકાન છે અને હવે તે તમારૂ છે. મેં તે તમારા માટે જ બનાવડાવ્યું છે. મણિરામના હાથમાં કોન્ટ્રાક્ટરે ચાવી પકડાવી અને મણિરામ માથું પકડી જમીન પર બેસી ગયો. જોર-જોરથી ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યો.

કોન્ટ્રાક્ટર કહે, કેમ મણિરામ કંઈ ઓછું પડ્યું? કોઈ તકલીફ થઈ? મારી કોઈ ભૂલ થઈ? મણિરામ કહે ના ના તમારી કોઈ ભૂલ નથી થઈ. ભૂલ તો મારી થઈ છે કેમ કે ગામના લોકોના, સગાઓ, સંબંધીઓના, મિત્રોનાં કેટ-કેટલાય મકાન બનાવ્યાં ત્યારે મેં જે વાપર્યું તે આ મારા છેલ્લા મકાનમાં નથી વાપર્યું. મારા મકાનમાં જ શું કર્યું? કોન્ટ્રાક્ટર કહે, સામાન તો બધો સારો જ હતો તો કેમ રડો છો? મણિરામ કહે, સામાનની વાત નથી મેં દરેકના મકાનમાં ગુણ-શકિતનો ઉપયોગ કર્યો અને આ છેલ્લા મકાનમાં તેનો ઉપયોગ કર્યો નથી. કારણ કે, હવે આ તો છેલ્લું જ છે એમ વિચારેલ. આ કામ તો પરાણે કરવાનું છે તેવું વિચાર્યું. શ્રદ્ધા-ભક્તિથી નહી, પણ પરાણે જબરજસ્તીથી કામ કર્યું. પણ હવે શું? મનોમન વિચાર્યું કે 'હાથના કર્યા હૈયે વાગ્યા' હવે તો શું થાય?

**બોધપાઠ -** બોલો બાળકો, આપણે સૌ જીવનમાં એકબીજા માટે, સાથી માટે, સમાજ માટે, કુટુંબ માટે, સગા માટે કામ કરતાં રહીએ છીએ. પણ પોતાના માટે આત્માની કમાણી છેલ્લે રાખીએ છીએ. આત્મબોધ, આત્મચિંતન, આત્મઉન્નતિ છેલ્લે. એમ વિચારીએ કે, 'ઘડપણમાં ગોવિંદ ગાશું' પણ છેલ્લે તો ગવાતા પણ નથી. કાલે કરીશું. કાલે થશે તે વિચારને બદલે આત્મકલ્યાણ, આત્મપ્રગતિ, આત્મવિકાસ, આત્મઉત્થાન હમણાં કરી લઈએ તો જ

**(અનુસંધાન પેજ નં. 30 પર)**

## પ્રભુ પ્રસાદ

# મુશ્કિલ કોઈ આન પડી તો ઘબરાને સે ક્યા હોગા ?

બ્ર.કુ. નીતા, પાટણ

मुश्किल कोई आन पड़ी तो घबराने से क्या होगा?
जीने की तरकीब निकालो मर जाने से क्या होगा?

જીવન એટલે જ સંઘર્ષ, હાર-જીત, ઉતાર-ચઢાવ, દુઃખ-સુખ, શાંતિ-અશાંતિ વચ્ચેની સંતા-કૂકડીનો દાવ છે. જીવનમાં જ્યારે ખુશી, જીત, સુખ, શાંતિ, પ્રેમ, આનંદની છોળો લહેરાતી હોય ત્યારે આપણે ખૂબ ખુશીમાં રહેતા હોઈએ છીએ. આપણા પગ ધરતી ઉપર પણ હોતા નથી અને જ્યારે દુઃખ, અશાંતિ, હાર આવે ત્યારે આપણે ખૂબ હારી જઈએ છીએ. ચારે બાજુ અપાર રોશનીની વચ્ચે પણ પોતાને ગાઢ અંધકારમાં ડૂબેલા અનુભવ કરીએ છીએ, નિરાશા જીવનને એવી તો ઘેરી વળે છે, કે ચારેબાજુ કોઈ આશાનું કિરણ નજરે આવતું નથી.

જીવનના દરવાજામાં ઘણીવાર એવા કોઈ તાળા જેને હજાર ચાવી લગાવીએ તો પણ ખુલતા નથી અને ત્યારે વધુ નિરાશા આવી જાય છે. હવે આ દરવાજાને કઈ રીતે ખોલવા, કદાચ એકાદ બંધ દરવાજાને ખોલી પણ લઈએ છીએ. પરંતુ બીજા અનેક તાળા ચારે બાજુ બંધ જોવા મળે છે અને આ બંધ તાળા નિરાશાના વધુ ગાઢ અંધકારમાં ધકેલી દે છે. ઘણીવાર નિરાશા એટલી હદે આવી જાય છે, કે કોઈ માર્ગ મળતો નથી અને આખરે જીવન ટૂંકાવી દેવા સિવાય બીજો કોઈ ઉપાય નજરે આવતો નથી. આપણે સૌ જાણીએ છીએ કે ઘણીવાર કોઈ વિદ્યાર્થી પોતાની નિષ્ફળતા પાછળ જીવનને હોમી દે છે, તો કોઈ યુવાનો પોતાના મનપસંદ સાથીને ન પામી શકવાના કારણે જીવન નષ્ટ કરે છે. કોઈ વ્યાપારી પોતાની આકાંક્ષાઓને પૂરી ન કરી શકવાના કારણે નિષ્ફળતાનો હાર સ્વીકારી શકતા નથી. જીવનના વ્યાપારમાં એક બાજી હારીને બીજી જીવનની બાજી પણ હારી જાય છે. કોઈ પોતાના અહમને, અપમાનને ઘૂંટી પી ન શકવાના કારણે, ઝેર ઘોળે છે.

મુશ્કેલીઓ જીવનમાં લખાયેલી છે. મુશ્કેલી વિના જીવન નીરસ છે. મુસીબતોને આપણે તિરસ્કાર કેમ કરીએ છીએ? મુસીબતો જ આપણને આગળ વધારે છે. મુસીબતો આપણા જીવનમાં સ્ટેપિંગ સ્ટોનનું કામ કરે છે. જેવી રીતે આપણે કોઈપણ જગ્યાએ જવું હોય અજાણ્યો રસ્તો હોય ત્યારે, steping stoneના આધારે મંઝિલને શોધીએ છીએ. જેવી રીતે સીડી ચઢીને આપણે લક્ષ્યને હાંસલ કરીએ છીએ. સીડીના છેલ્લા પગથિયે પહોંચ્યા પછી આપણે સફળતાનો અહેસાસ કરીએ છીએ. પરંતુ સીડીનાં દરેક પગથિયાનો આપણી સફળતામાં ખૂબ મોટો ફાળો છે, આ મુદ્દો પણ આપણા જીવનમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

મુશ્કેલીઓ આપણને મજબૂત બનાવે છે. દાખલા તરીકે એકવાર સાયન્સના વિદ્યાર્થીઓને પ્રયોગ બતાવતા પ્રોફેસર કહે છે કે, ટેબલ ઉપર જે ઇંડું પડ્યું છે તેમાંથી હમણાં જ આ કોશેટામાંથી એક પતંગિયુ બહાર નીકળશે, પતંગિયાને બહાર નીકળવામાં તકલીફ જરૂર પડશે. પરંતુ કોઈપણ વિદ્યાર્થીએ કોશેટો તોડીને તેને મદદ કરવાની નથી. આવું કહીને પ્રોફેસર કોઈ બીજા કામથી

બહાર જાય છે. વિદ્યાર્થીઓ આ દ્રશ્યને જોઈ રહ્યા છે. એમાંથી એક વિદ્યાર્થી પતંગિયાના સંઘર્ષને જોઈ ન શક્યો. તેને ઊભા થઈને થોડો કોશેટો તોડીને પતંગિયાને બહાર નીકળવામાં સરળતા કરી આપી. પતંગિયું તો બહાર નીકળી ગયું. પરંતુ થોડીકવાર પછી પ્રોફેસરે આવીને પૂછ્યું ત્યારે જાણવા મળ્યું કે આ પતંગિયું પોતાની જાતે જ નહીં પણ બીજાની મદદથી બહાર આવ્યું છે. ત્યારે પ્રોફેસરે વિદ્યાર્થીને કહ્યું કે આ પતંગિયાની પાંખો હવે કમજોર બની જશે. જો આ પતંગિયું પોતાની જાતે જ સંઘર્ષ કરીને બહાર નીકળ્યું હોત તો તેની પાંખો ખૂબ મજબૂત બની હોત. હવે આ પતંગિયુ ઉડવા માટે સક્ષમ બની શકશે નહીં. કહેવાનો ભાવ સંઘર્ષ કરીને આપણે જીવનમાં મજબૂત બનીએ છીએ.

કોઈપણ રમતમાં પ્રતિસ્પર્ધી ના હોય તો રમવાની મજા આવતી નથી. નાના બાળકો સંતાકૂકડીની રમત રમે છે ત્યારે ગમે તેવી જગ્યાએ છુપાઈને પણ તેને શોધવાવાળાનો ઇંતેજાર રહેતો જ હોય છે. એ કોઈ મને શોધવા કેમ નથી આવતું અને જો કોઈ શોધવા આવવાનું જ નથી, તો સંતાવાનો શું અર્થ? કોઈપણ રમત હોય ખો-ખો હોય કબ્બડી, ફૂટબોલ, ક્રિકેટ કે પછી કુસ્તી, દરેક રમતમાં પ્રતિસ્પર્ધી આપણા સમાન ન હોય તો રમતની મજા માણી શકાતી નથી. કુસ્તીના પહેલવાનને પણ મજા ત્યારે જ આવે છે. જ્યારે પોતાનો પ્રતિસ્પર્ધી પોતાના બરાબર કે પોતાનાથી પણ ચઢિયાતો હોય. તેને હરાવવામાં ખૂબ ખુશી થાય છે. જો કમજોર પ્રતિસ્પર્ધી હોય તો કોઈ પણ ખેલાડી વિચારે છે, કમજોરને હરાવવો એ કોઈ મહાનતા નથી. પરંતુ મજબુત પ્રતિસ્પર્ધીને હરાવવાની પણ મજા કંઈક ઔર જ છે.

સફળતા અને સંઘર્ષ એક સિક્કાની બે બાજુ સમાન છે. સંઘર્ષ વિના સફળતા નથી, સફળતા માટે સંઘર્ષની જરૂર પડે છે. વૈજ્ઞાનિકોએ જેટલી પણ નવી શોધ કરી છે. તેની પાછળ જરૂરિયાત જવાબદાર છે. જો જીવનમાં જરૂરિયાત જ ન હોય તો કદાચ તે શોધો ન થઈ શકી હોત. આમ ચીજનો અભાવ જરૂરિયાત ઊભી કરે છે. આ મુશ્કેલીઓ આપણા જીવનમાં વરદાનનું કામ કરે છે. આપણે મુશ્કેલીઓથી દૂર ભાગવાનું નથી, પરંતુ મુશ્કેલીઓનો સામનો કરી, વધુ મજબૂત બની સફળતા મેળવવાની છે. રોજબરોજ આવતી મુશ્કેલીઓ માટે વધુ સારી તૈયારી કરીને જિંદગીના મેદાનમાં ઉતરવાનું છે, ત્યારે જ સફળતા મળશે એ વાત સદા યાદ રાખવાની છે.

મુશ્કેલીઓની સામે આપણે જે રસ્તો અપનાવીએ છીએ, કદાચ તે પદ્ધતિથી સફળતા ન મળે તો આપણે જીવન જીવવાની પદ્ધતિ બદલવાની જરૂર છે. સફળતા માટેનો એક રસ્તો બંધ થાય તેથી શું થઈ ગયું. બીજા હજાર રસ્તા નવા ખુલી શકે છે.

એક પરિવારમાં માછલીઘરમાં રાખેલી, માછલીને બાળક રોજ ખાવાનું આપતો હતો. બાળકને એકવાર મસ્તી સૂઝી અને તેને માછલી અને જે ખાવાનું છે તેની વચ્ચે પારદર્શક કાચનો ટુકડો રાખી દીધો. માછલી તરતા તરતા ખાવાનું જોઈને ખાવા તો આવવા લાગી, પરંતુ તેનું નાક કોઈ ચીજથી અથડાતું હતું. માછલીને સામે ખોરાક દેખાતો હતો. પરંતુ તે લઈ શકતી નહોતી. માછલીને વિચાર આવ્યો કે રોજ તો આ જ રીતે ખોરાક લેતી હતી. પરંતુ આજે આ એવું શું છે જે ખોરાક લઈ શકતી નથી. એકવાર, બે વાર, ચાર વાર માછલી તરતી તરતી આવે અને ખાવાનો પ્રયાસ કરે, પણ ખોરાક મેળવી શકતી નહોતી. એવામાં માછલીઘરમાં રહેલી બીજી માછલી બીજા

અલગ રસ્તેથી આવી અને ખાવાનું ખાવા લાગી. આપણે પણ ઘણીવાર એક જ પદ્ધતિથી સંઘર્ષોનો સામનો કરતાં રહીએ છીએ, પરંતુ જરૂર પડે તો માર્ગ પણ બદલવો પડશે. જે લોકો આવા ક્રાંતિકારી વિચારો ધરાવે છે. તેમનો વિરોધ તો જરૂર થવાનો કોઈપણ બદલાવનો વિરોધ તો થાય જ છે. પરંતુ જે લોકો આ સંઘર્ષથી ડરતા નથી તે નવો ઈતિહાસ બનાવે છે. આપણે પણ સફળતા માટે જે વિવિધ પદ્ધતિ અપનાવીએ છીએ જો તે પદ્ધતિઓથી સફળતા ન મળે તો પદ્ધતિ બદલવાની જરૂર છે. જરૂર પડે તો માર્ગ પણ બદલી શકાય છે. તો આપણે સફળતાને ચાર કદમ આગળ જ અનુભવ કરીશું. પરંતુ હારીને બેઠેલી વ્યક્તિ પાસે ખુદ સફળતા દરવાજો ખટખટાવે તો પણ ખોલવાની હિંમત નથી. માત્ર વિચાર કરીને સફળતા ક્યાંથી મળે? માટે ગભરાવ નહીં, આગળ વધો.

તરવૈયાઓ કોઈ પહેલાથી જ તરવૈયા હોતા નથી. જેને તરતાં શીખવું છે, એ તો પાણીમાં ઝંપલાવે છે. અને પ્રથમ વાર ડૂબવાનો પણ અનુભવ જરૂર થાય છે. પરંતુ ધીરે-ધીરે ડૂબવાનો ડર આપણને તરતા શીખવાડી દે છે. જો આપણે કિનારે બેઠાં બેઠાં જ તરવૈયા બનવાનું સ્વપ્ન જોતા રહીએ તો તે વ્યર્થ છે. આમ જીવનમાં પણ અનેક મુસીબતોનો સામનો કરીશું ત્યારે જ સફળતાનો હાર આપણને મળશે.

જીવનનું બીજું નામ જ સંઘર્ષ છે. જે હારે છે, તે કદી આગળ વધી શકે નહીં તે માન્યતા ભૂલ ભરેલી છે. જીવનમાં અનેક પરિસ્થિતિઓમાં ભલે આપણને હાર મળે પરંતુ આપણે નિરાશ થવાનું નથી, હારમાં પણ જીતને સ્વીકારીને આગળ ચાલવાનું છે. આપણા જીવન પથ પર અનેક મુશ્કેલીઓ આપણને હરાવવાનો પ્રયાસ કરે છે. પરંતુ આપણે રોજ દરેક કદમમાં નવી ઊર્જા સાથે નવા ઉમંગ, ઉત્સાહ સાથે અને નવી તરકીબો સાથે મુસીબતને પણ હરાવવાનો સફળ પ્રયાસ કરીએ તો સફળતા આપણા કદમ ચૂમશે, અનેક મુસીબતો આપણા માટે સફળતાના 1000 દરવાજા ખોલીને આપણું સ્વાગત કરશે.

આપણે ચાલવાની શરૂઆત તો કરીએ. બનેલા રસ્તાઓ ઉપર તો બધા જ ચાલે છે. પરંતુ નવી કેડી આપણે કંડારવાની છે. ઘણા લોકો મુસીબતને પહાડના રૂપમાં ગણતા હોય છે. બિહારમાં એક માંઝી નામના વ્યક્તિ થઈ ગયા. તેમને અનેક વર્ષો સુધી એકલા પણ પહાડને તોડવામાં લાગેલા એવી રીતે અનેક ઉદાહરણો આપણા જીવન માટે પ્રેરણારૂપ બની શકે છે. જે પણ મહાન બન્યા છે તે બધાનો માર્ગ કોઈ સરળ સુગમ હતો નહીં. પરંતુ મુશ્કેલીભર્યા માર્ગને પણ એમને સરળ બનાવ્યો છે. મુસીબતની ઘડીમાં હિંમત રાખીને સફળતા મેળવી છે. હારનો હાર ક્યારેય સ્વીકાર કર્યો નથી

આપણે જીવનપથ પર આગળ વધીએ છીએ, ત્યારે બાળપણથી જ જીવનના અંત સુધી જીવન પથ પર મખમલી ચાદર બિછાવેલી મળવાની નથી. માર્ગમાં તો મખમલી ચાદર પણ આવી શકે છે, તો કાંટાળા ઝાડી-ઝાંખરા અને પથ્થરો પણ આવી શકે છે. પરંતુ આપણે મખમલી ચાદર જોઈને આરામ કરવાનો નથી અને કાંટાવાળો પથ જોઈને પાછા વળવાનું નથી. આપણા જીવનમાં પથરાયેલા કાંટાને આપણે જ દૂર કરવાના છે. જીવન પથ પર આપણને સદા બનેલો રસ્તો મળશે નહીં આપણે આપણો રસ્તો બનાવવાનો છે.

આપણે બાળકને ચાલતા શીખવ્યું ત્યારે તે બાળક પડે છે, ઉભો થાય છે. આપણે પણ જાણીએ

**(અનુસંધાન પેજ નં. 30 પર)**

# કર્મ અને ભાગ્ય

બ્ર.કુ. નીલમબેન પારેખ, ઈસનપુર

માનવ જીવન એ માત્ર એક શારીરિક પ્રક્રિયા નથી. પરંતુ તે આંતરિક ચેતનાની એક અદભુત સફર છે. આ સફરમાં બે મહત્વના પરિબળો સતત આપણી સાથે ચાલે છે - 'કર્મ અને ભાગ્ય' સદીઓથી મનુષ્ય આ બંનેના રહસ્યને સમજવાનો પ્રયત્ન કરી રહ્યો છે. ઘણા લોકો માને છે કે જીવનમાં જે કંઈ થાય છે તે બધું નસીબ થી જ થાય છે અને બધું જ પૂર્વ નિર્ધારીત છે. જ્યારે બીજી તરફ કેટલાક લોકો માને છે કે બધું માત્ર બાહ્ય મહેનતથી બદલી શકાય છે. વાસ્તવમાં આ બંનેનો સંબંધ બહુ ઊંડો અને આધ્યાત્મિક છે. જીવનને સાચી રીતે અને શાંતિથી જીવવા માટે કર્મની ગુહ્ય ગતિ અને ભાગ્યના રહસ્યને આત્મિક દ્રષ્ટિકોણ થી સમજવું ખૂબ જ જરૂરી છે.

'ભાગ્ય' એટલે આપણી સામે પરિસ્થિતિ બનીને આવતો આપણો જ ભૂતકાળ. આપણે કયા કુળમાં જન્મ લીધો, આપણને ક્યુ શરીર મળ્યું, આપણી આસપાસના સંબંધો કેવા છે, અને જીવનમાં અણધારી રીતે આવતા સુખ દુઃખના પ્રસંગો આ બધું ભાગ્ય નક્કી કરે છે. આ બધી બાબતો પર વર્તમાન ક્ષણમાં આપણો કોઈ સીધો કાબુ હોતો નથી. આ ભાગ્ય બીજું કંઈ નથી પણ આત્મા દ્વારા ભૂતકાળમાં કરાયેલા કર્મોનું એકત્રિત થયેલું પરિણામ છે. જે રીતે એક બીજ સમય જતા વૃક્ષ બને છે. તે જ રીતે આપણા જુના સંકલ્પો અને કાર્યો સમય જતા આપણી સામે પરિસ્થિતિનું સ્વરૂપ ધારણ કરીને આવે છે. જેને આપણે નસીબ કહીએ છીએ.

કર્મની શરૂઆત સૌથી પહેલા આપણા મનથી થાય છે મનમાં ઉઠતો દરેક વિચાર અને સંકલ્પ એ એક સૂક્ષ્મ કર્મ છે એ સંકલ્પ જ્યારે શબ્દો અને ક્રિયાઓમાં બદલાય છે ત્યારે તે સ્થૂળ કર્મ બને છે આપણી સામે ગમે તેવી વિપરીત પરિસ્થિતિ આવે પણ તે સમયે આપણે કેવો વિચાર કરીએ છીએ, મનની સ્થિતિ કેવી રાખીએ છીએ. અને કેવો નિર્ણય લઈએ છે એ આપણું વાસ્તવિક કર્મ છે.

પરિસ્થિતિ આપણા હાથમાં નથી પણ મનની સ્થિતિ હંમેશા આપણા પોતાના હાથમાં જ હોય છે. મુશ્કેલ સમયમાં પણ હિંમત, ધૈર્ય, પવિત્રતા અને શાંતિ જાળવી રાખવી એ શ્રેષ્ઠ કર્મ છે કર્મ એ મનુષ્યની સાચી આંતરિક શક્તિ છે .

'કર્મ અને ભાગ્ય' વચ્ચે એક અતૂટ ચક્ર જેવો સંબંધ છે. આપણું ભલે ગમે તેવું ભાગ્ય હોય પણ આપણું વર્તમાન કર્મ તેને બદલવાની તાકાત રાખે છે. આજે આપણે જે પણ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છીએ તે આપણા જ અગાઉના વિચારો અને નિર્ણયોનો પડઘો છે વર્તમાનમાં આપણે જે પણ શ્રેષ્ઠ વિચારો કરી રહ્યા છીએ સત્કર્મો કરી રહ્યા છીએ તે ભવિષ્યમાં આપણું નવું અને ઉજવળ ભાગ્ય બનીને આપણી સામે આવશે.

દરેક મનુષ્યની અંદર એક મહાન શક્તિ છુપાયેલી છે જેને 'સંકલ્પ શક્તિ' કહેવાય છે. જેવા આપણા વિચારો હશે તેવું જ આપણું વાતાવરણ અને તેવું જ આપણું ભાગ્ય બનશે જો આપણે મનમાં સતત નકારાત્મક, ક્રોધ કે ચિંતાના વિચારો કરીશું તો આપણું ભાગ્ય પણ નબળું બનશે. પરંતુ, જો આપણે મનને પવિત્ર, શાંત અને સકારાત્મક વિચારોથી ભરી દઈશું તો ગમે તેવી મોટી મુશ્કેલી પણ નાની બની જશે. કર્મની શ્રેષ્ઠતા બાહ્ય દોડધામમાં નથી પરંતુ આંતરિક જાગૃતિમાં છે શાંત મનથી લીધેલો સાચો નિર્ણય ખોટા કર્મોથી આપણને બચાવી શકે છે તેથી ભાગ્યના ભરોસે બેસી રહીને લાચાર બનવા કરતાં આપણા વિચારોને શ્રેષ્ઠ

(અનુસંધાન પેજ નં. 05 પર)

# ‘વન-વન-વન’ - નવયુગી કાલ ગણનાનો દ્યોતક

બ્ર.કુ. સંજય, આર્ટ એન્ડ કલ્ચર વિંગ, શાંતિવન (આબુ રોડ, રાજસ્થાન)

## સમયનો માનવીય બોધ

આજે જો આપણે બુદ્ધિને સૃષ્ટિ ચક્રના ઉંબરે રાખીને જોઈએ, તો આપણને જણાશે કે આપણે સમયની આ નિરંતર વહેતી ધારા પર અનેક હોડીઓ બદલી-બદલીને કેટલી લાંબી સફર ખેડી છે. આજે આપણે એ વાસ્તવિકતાથી ભલીભાંતિ પરિચિત છીએ કે આ નિરંતર વહેતી ધારા નિત્ય નવા પડાવો પર થી પસાર થાય છે, ક્યાંક સતયુગી સુખના સુગંધિત ચંદનવનના મનોરમ્ય દ્રશ્ય સાથે, તો ક્યાંક કળિયુગરૂપી ખડકોમાં ઉછળતા વહેણ સાથે અથડાતી પસાર થાય છે. આપણે જાણીએ છીએ કે આની વાસ્તવિક શરૂઆત **‘સંગમયુગ’**થી થાય છે, જેને નવા યુગનો **‘અમૃતવેલા’** પણ કહી શકાય.

પરંતુ કાલ-ગણનાની પ્રથમ અધ્યાયની શરૂઆત **‘વન-વન-વન’ (1-1-1)** એટલે કે સતયુગના પહેલા દિવસથી થાય છે, જેના વિષયમાં બાબાએ કહ્યું છે કે જ્યારે શ્રી લક્ષ્મી-નારાયણ ગાદી પર બેસે છે, ત્યારથી **‘વન-વન-વન’**નો નવો અધ્યાય શરૂ થાય છે. સમયના પ્રવાહની સાથે ઋતુઓના પરિવર્તનના સચોટ જ્ઞાન હેતુ અનેક-વાર નવી **‘કાલ-ગણના’** (કેલેન્ડર)ની શરૂઆત થતી આવી છે; કારણ કે સમયની ધારા જાણવાની અને માપવાની જિજ્ઞાસા માનવ સભ્યતાના પ્રારંભથી જ રહી છે.

પ્રાચીન કાળમાં જ્યારે ઘડિયાળ નહોતી, ત્યારે આકાશમાં ચમકતા સૂર્ય, ચંદ્રની બદલાતી કળાઓ અને નક્ષત્રોની ચાલ જ મનુષ્ય માટે સમય બતાવનારા ઉપકરણો હતા. **‘કેલેન્ડર’** શબ્દની ઉત્પત્તિ લેટિન શબ્દ **‘calendae’** પરથી થઈ છે, જેનો અર્થ છે **‘પોકારવું’**. પ્રાચીન રોમન કાળમાં દરેક મહિનાની પહેલી તારીખે જોરથી પોકારીને જણાવવામાં આવતું હતું. આજે કેલેન્ડર આપણા જીવનનો એટલો અભિન્ન અંગ છે કે આના વગર વૈશ્વિક વેપાર, રાજનીતિ અને સામાજિક જીવનની કલ્પના કરવી અશક્ય છે.

## કેલેન્ડરના વિકાસનો ખગોળીય આધાર

દુનિયાના મોટાભાગના કેલેન્ડર ત્રણ મુખ્ય ખગોળીય ઘટનાઓ પર આધારિત છે:

**સૌર વર્ષ (Solar Year) -** પૃથ્વી દ્વારા સૂર્યની એક પરિક્રમા પૂરી કરવામાં લાગતો સમય (લગભગ 365.24 દિવસ).

**ચંદ્ર માસ (Lunar Month) -** ચંદ્ર દ્વારા પૃથ્વીની એક પરિક્રમા પૂરી કરવામાં લાગતો સમય (લગભગ 29.5 દિવસ).

**ચંદ્ર-સૌર વર્ષ (Luni-Solar) -** જ્યાં ચંદ્ર માસોનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ સમયાંતરે એક ‘વધારાનો મહિનો’ ઉમેરીને તેને સૌર વર્ષના બરાબર લાવવામાં આવે છે (જેમ કે ભારતીય પંચાંગ).

## પ્રાચીન સભ્યતાઓની કાલ-ગણના

**મિસ્રનું સૌર કેલેન્ડર (3000 ઈસા પૂર્વે)**

વર્તમાન યુગના ઇતિહાસકારો મિસ્રની સભ્યતાને જ દુનિયાનીપ્રારંભિક સભ્યતાઓમાંથી એક માને છે, જેણે 365 દિવસોનું **‘સૌર કેલેન્ડર’** વિકસિત કર્યું. કારણ કે તેમનું સંપૂર્ણ જીવન નાઈલ નદી પર નિર્ભર હતું, તેથી તેમણે ખગોળીય ઘટનાઓનો

બારીકાઈથી અભ્યાસ કર્યો. તેમણે અનુભવ કર્યો કે જ્યારે આકાશનો સૌથી ચમકીલો સાયરિયસ (Sirius) તારો સૂર્યોદયથી ઠીક પહેલા ક્ષિતિજ પર દેખાય છે, ત્યારે નાઈલ નદીમાં વિનાશકારી પૂર આવે છે. આ જ ખગોળીય સંકેતના આધારે તેમણે વર્ષને 30-30 દિવસોના 12 મહિનામાં વિભાજિત કર્યું અને અંતમાં 5 દિવસ **'દેવતાઓના જન્મોત્સવ'** માટે ઉમેરીને 365 દિવસોનું એક પૂર્ણ ચક્ર તૈયાર કર્યું.

### મેસોપોટેમિયા અને બેબીલોનનું જ્ઞાન

બેબીલોનના લોકોએ જ સૌથી પહેલા એક અઠવાડિયાને 7 દિવસોમાં વિભાજિત કર્યું, જે આજે પણ વૈશ્વિક માનક છે. તેમણે આકાશને 12 રાશિઓમાં વિભાજિત કર્યું, જેને આજે આપણે જ્યોતિષનો આધાર માનીએ છીએ.

### પ્રમુખ વૈશ્વિક કેલેન્ડર

**જુલિયન કેલેન્ડર (Roman Era) -** જુલિયસ સીઝરે 46 ઈસા પૂર્વે આને લાગુ કર્યું. આ પહેલા રોમન કેલેન્ડર ખૂબ અવ્યવસ્થિત હતું. સીઝરે જાન્યુઆરીને વર્ષનો પહેલો મહિનો બનાવ્યો (જે પહેલા માર્ચ હતો). પરંતુ આમાં એક ખામી હતી - તે સૌર વર્ષથી દર વર્ષે 11 મિનિટ આગળ નીકળી જતું હતું.

**ગ્રેગોરિયન કેલેન્ડર -** વર્તમાન વૈશ્વિક માનક 16મી શતાબ્દી સુધી આવતા-આવતા જુલિયન કેલેન્ડરની ખામીઓના કારણે ઋતુઓ અને કેલેન્ડરની તારીખો વચ્ચે 10 દિવસોનું મોટું અંતર આવી ગયું હતું. આ ખગોળીય ત્રુટિને સુધારવા માટે પોપ ગ્રેગરી **XIII**એ વર્ષ 1582માં **'ગ્રેગોરિયન કેલેન્ડર'** પ્રસ્તુત કર્યું. આ સુધારાને લાગુ કરવા માટે એક ઐતિહાસિક અને સાહસિક પગલું ભરવામાં આવ્યું; જેના હેઠળ 4 ઓક્ટોબર 1582 ના ઠીક પછીનો દિવસ 15 ઓક્ટોબર 1582 ઘોષિત કરી દેવામાં આવ્યો. આ પ્રકારે, રાતોરાત કેલેન્ડરમાંથી 10 દિવસોને ઓછા કરીને સમયની ગણતરીને ફરીથી સૌર વર્ષના સચોટ તાલમેલમાં લાવવામાં આવી. આજે આ જ ગ્રેગોરિયન કેલેન્ડર દુનિયાભરમાં સત્તાવાર નાગરિક કેલેન્ડર તરીકે સર્વમાન્ય છે.

### ભારતીય કેલેન્ડર - વિજ્ઞાન અને પરંપરાનો સંગમ.

ભારતમાં કાલ-ગણનાને **'જ્યોતિષ શાસ્ત્ર'** નો અંગ માનવામાં આવે છે. ભારતીય ઋષિઓએ હજારો વર્ષ પહેલાં ગણતરી કરી લીધી હતી કે પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કેટલા સમયમાં પૂરી કરે છે. **વિક્રમ સંવત** (57 ઈસા પૂર્વે) - ઉજ્જૈનના રાજા વિક્રમાદિત્ય દ્વારા શરૂ કરવામાં આવેલો આ સંવત સૌર-ચંદ્ર ગણના પર આધારિત છે. તે વર્તમાન ગ્રેગોરિયન કેલેન્ડરથી 57 વર્ષ આગળ ચાલે છે **(2026 + 57 = 2083 વિક્રમ સંવત)**. આની શરૂઆત ચૈત્ર માસના શુક્લ પક્ષની પ્રતિપદાથી થાય છે. **શક સંવત (78 ઈસવી) -** આને કુષાણ શાસક કનિષ્કે શરૂ કર્યો હતો. 1957માં આને ભારતનું **'રાષ્ટ્રીય કેલેન્ડર'** ઘોષિત કરવામાં આવ્યું. ભારતના સરકારી કામકાજ અને ગેઝેટમાં આનો ઉપયોગ થાય છે. આનો પહેલો મહિનો **'ચૈત્ર'** છે અને વર્ષ 365 દિવસનું હોય છે.

### ભારતના વિશિષ્ટ પ્રાદેશિક કેલેન્ડર અને તેમની વિશેષતાઓ

ભારત વિવિધતાથી ભરેલો દેશ છે, જ્યાં ભૌગોલિક અને સાંસ્કૃતિક ભિન્નતાઓને કારણે વિવિધ ક્ષેત્રોમાં અલગ-અલગ કેલેન્ડરોનું પ્રચલન છે. ઉદાહરણ તરીકે, ગુજરાતમાં વિક્રમ સંવતનું અનુસરણ કરવામાં આવે છે, જેનું નવું વર્ષ

દીપાવલીના બીજા દિવસે એટલે કે કારતક માસના શુક્લ પક્ષની એકમ થી શરૂ થાય છે; આ સમય વ્યાપારીઓ માટે નવા વહી-ખાતા પ્રારંભ કરવાનો શુભ અવસર હોય છે. ત્યાં જ, ગુજરાતના જ કચ્છ ક્ષેત્રમાં એક વિશિષ્ટ **'કચ્છી કેલેન્ડર'** પણ પ્રચલિત છે, જેનું નવું વર્ષ અષાઢ માસની દ્વિતીયા (અષાઢી બીજ) થી શરૂ થાય છે.

ભારતના અન્ય પ્રાંતોમાં પણ કાલ-ગણનાની પોતાની વિશિષ્ટ પદ્ધતિઓ છે. બંગાળમાં અકબરના કાળમાં મહેસૂલ વસૂલાતની સુવિધા હેતુ શરૂ કરવામાં આવેલ સૌર-આધારિત **'બંગાબ્દ'** કેલેન્ડર ચાલે છે, જેનું નવું વર્ષ એપ્રિલના મધ્યમાં **'પોઈલા બૈસાખ'** તરીકે ઉજવવામાં આવે છે. તેવી જ રીતે, દક્ષિણ ભારતમાં તમિલનાડુનું **'પુત્તાંડુ'** અને કેરળનું **'કોલ્લા વર્ષમ'** જેવા સૌર કેલેન્ડરોનો ઉપયોગ થાય છે, જેમાં મહિનાઓના નામ રાશિઓ પર આધારિત હોય છે અને નવું વર્ષ મેષ સંક્રાંતિની આસપાસ આવે છે. શીખ સમુદાયમાં ઐતિહાસિક અને ધાર્મિક આયોજનો માટે સૌર-આધારિત **'નાનકશાહી'** કેલેન્ડરનું વિશેષ મહત્વ છે.

વૈશ્વિક સ્તર પર પણ સમયને માપવાની અનેક પદ્ધતિઓ છે. જેમ કે પૂર્ણતઃ ચંદ્ર-આધારિત **'હિજરી કેલેન્ડર'**, જેનું વર્ષ સૌર વર્ષ કરતા નાનું હોવાને કારણે તેના તહેવારો દર વર્ષે ગ્રેગોરિયન કેલેન્ડરના હિસાબે બદલાતા રહે છે. આવી જ રીતે **'હિબ્રુ કેલેન્ડર'** ચંદ્ર-સૌર ગણનાનું એક જટિલ અને સચોટ મિશ્રણ પ્રસ્તુત કરે છે. આ બધાથી અલગ, પ્રાચીન **'માયા સભ્યતાનું કેલેન્ડર'** પોતાની અદભૂત ખગોળીય ગણતરીઓ માટે આજે પણ વિખ્યાત છે, જે હજારો વર્ષ પહેલાં જ સૂર્યગ્રહણ જેવી ભવિષ્યની ઘટનાઓની સચોટ તારીખ - સમય બતાવવામાં પૂરી રીતે સક્ષમ હતું.

## સમય ચક્ર અને સંગમયુગની સફળતા

કેલેન્ડર આપણને શીખવે છે કે સમય ક્યારેય રોકાતો નથી. ભલે તે રોમન સામ્રાજ્યનું પતન હોય કે આધુનિક યુગ નો ઉદય, કેલેન્ડરે દરેક ઐતિહાસિક બદલાવને પોતાની અંદર નોંધ્યો છે. પરમપિતા પરમાત્મા દ્વારા આપવામાં આવેલા ઈશ્વરીય જ્ઞાન અનુસાર, સમય એક અનાદિ ચક્ર (Cycle) છે, જે 5000 વર્ષોનું છે. દુનિયાના કેલેન્ડર તો બદલાતા રહે છે, પરંતુ આ ઈશ્વરીય જ્ઞાન આપણને વાસ્તવિક **'કાલ-ચક્ર' (Wheel of Time)**ને સમજવાની શક્તિ આપે છે. આ જ જ્ઞાનના આધારે વર્તમાન સમય તે નાનકડો કાલખંડ (સંગમયુગ) છે, જેમાં આપણે આપણા જૂના કળયુગી સંસ્કારોનો ત્યાગ કરીને દિવ્ય સતયુગી સંસ્કારોને ધારણ કરીએ છીએ.

આ રહસ્યને સંપૂર્ણપણે સમજીને આપણે પણ આપણું **'અવિનાશી કેલેન્ડર'**બનાવી શકીએ છીએ, કારણ કે આ વિશ્વ-નાટક (Drama) હૂબહૂ પુનરાવર્તિત (Repeat) થાય છે. બાબા કહે છે કે સંગમયુગની દરેક પળ **'ડાયમંડ'** (હીરા) સમાન બહુમૂલ્ય છે, અને જ્યારે આપણે સ્વયંને બદલીએ છીએ, ત્યારે જ **'સૃષ્ટિનું કેલેન્ડર'** પણ બદલાય છે. તેથી સમયની આ મહાન સફરમાં સૌથી મહત્વપૂર્ણ એ છે કે આપણે દરેક દિવસને પરમાત્માની મધુર સ્મૃતિમાં એક **'ઉત્સવ'** ની જેમ ઉજવીએ, આ અલૌકિક સંગમયુગી બ્રાહ્મણ જીવનની દરેક ક્ષણનો પૂર્ણ લાભ ઉઠાવીએ અને પોતાના શ્રેષ્ઠ પુરુષાર્થ દ્વારા સતયુગની પાવન શરૂઆત એટલે કે **'વન-વન-વન' (1-1-1)** તરફ દ્રઢતાથી આગળ વધીએ.

**'દિવ્યતાની સંસ્કૃતિના પ્રાગવડ '1-1-1' માં આપ સર્વેનું હાર્દિક સ્વાગત છે.**

॥ ઓમ શાંતિ ॥

# પુરુષાર્થ

## બ્ર.કુ. ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ', બાપુનગર ઈન્ડિયા કોલોની, અમદાવાદ

વ્યક્તિમાં વ્યક્તિત્વનો વિકાસ થાય નહીં તો વ્યક્તિને 'પામર' કહેવામાં આવે છે. ખુદનાં વિકાસ કાજે માનવીને સાહસી પરાક્રમી ઉદ્ધમી પ્રયત્નશીલ રહેવું હોવાનું જરૂરી છે. એટલે તો આળસુ વ્યક્તિને દરિદ્ર કહી કુંભકરણ સાથે તુલના કરવામાં આવી છે. પુરુષાર્થી વ્યક્તિ કદાપિ પોતાનાં પુરુષાર્થ કાજે આળસ કરતો નથી. એનું લક્ષ્ય નિર્ધારિત હોય છે. એની સંકલ્પ શક્તિમાં નિરંતરતા અવિરત દ્રઢતાનો પ્રવાહ સાગરથી પણ વિશાળ હોય છે. તે વ્યક્તિ પોતાનાં ધારેલ કાર્યને પુરુષાર્થથી હાંસલ કરી સિદ્ધ કરી બતાવે છે.

જીવનની વિશેષતા વ્યક્તિનાં પુરુષાર્થ ઉપર આધારિત છે. ભારતીય સંસ્કૃતિનાં ચાર પુરુષાર્થ છે. ધર્મ અર્થ કામ અને મોક્ષ. ધર્મને નૈતિકતાના મૂલ્યો સાથે, અર્થને સંપત્તિનાં મૂલ્ય સાથે, કામને સુખ આનંદ સાથે અને મોક્ષને એક ઊંચી અવસ્થા સાથે વર્ણવવામાં આવેલ છે.

સામાજિક સ્તર ઉપર આપણે જોવાં જઈએ તો ભૌતિક અને આધ્યાત્મિક સુખ પામવાની આજે હરીફાઈ લાગી છે. આજે વિદ્યાર્થી પુરુષાર્થ કરી બહોળું એજ્યુકેશન લઈ ઉજ્જવળ ભવિષ્યનો વિચાર કરી રહ્યોં છે કે મારો ધર્મ મારી નૈતિકતા છે. આ નૈતિકતાથી જ હું મારૂ અર્થ ઉપાર્જન કરી મારૂ ઉજ્જવળ ભવિષ્ય બનાવી શકીશ. કામમાં આવે છે સુખ અને આનંદ આવે છે ઈચ્છાઓની પૂર્તિ કરી રિલેક્સ મૂડમાં રહીને શાંત સ્થિતિને પામવું.

આમ આપણે જોવાં જઈએ તો વિદ્યાર્થી વિદ્યા મેળવી પુરુષાર્થ કરી એક ડોક્ટર, સાયન્ટિસ્ટ, મોટો બિઝનેસમેન, સાહિત્યકાર, પોથીવાચક, પ્રાઈમ મિનિસ્ટર, કુબેર પતિ, દાનવીર, આધ્યાત્મિક ગુરુ આદિ બને છે. આમ દરેક ક્ષેત્રમાં જીત મેળવવા કાજે પ્રયત્નશીલ રહેતાં વ્યક્તિને 'ઉત્તમ પુરુષાર્થી'ની ઉપમા આપી એવોર્ડ આપવામાં આવે છે.

પરમપિતા પરમાત્મા શિવનું જ્ઞાન શ્રીમદ્ ભાગવત ગીતા દ્વારા ગીતાના સંદેશ માં કહે છે કે હું મારા બાળકોને પુરુષાર્થ વગર કંઈ પણ આપતો નથી. મને મારા પુરુષાર્થી બાળકો જ વ્હાલા લાગે છે. વિશેષ પુરુષાર્થી બાળકોને હું પુરુષાર્થ કરાવવામાં મદદ કરું છું. વ્યક્તિ પોતે જ કર્મનો ભાગ્ય વિધાતા છે. હું કોઈનું ભાગ્ય લખતો નથી. આજનો પુરુષાર્થ જ તમારૂ આવતી કાલનું પ્રારબ્ધ કર્મ બને છે. જેવો પુરુષાર્થ કરશો એવું હું તમને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ચૂકવવા તૈયાર રહું છું.

આપણે આળસુ ના બની લક્ષ્યને પ્રાપ્ત કરવાં પુરુષાર્થી બની આત્માને પવિત્ર બનાવી મોહ માયા કામ, ક્રોધ, અહંકાર ઉપર જીત મેળવી રાષ્ટ્ર અને ધર્મની રક્ષા કાજે પ્રયત્નશીલ રહીશું તો ધર્મ અને રાષ્ટ્રનો પાયો મજબૂત બનશે.

**॥ ઓમ શાંતિ ॥**

બ્રહ્માકુમારી વિદ્યાલયનો ઈતિહાસ જાણવા માટે અને પ્રજાપિતા બ્રહ્માની જીવન કહાની જોવા માટે હિન્દી ફિલ્મ **'ભાગ્ય વિધાતા'** અવશ્ય જુઓ. હવે youtube ઉપર ફ્રી જોઈ શકો છો. બ્રહ્માકુમારી ફિલ્મ **'ભાગ્ય-વિધાતા'** લખીને સર્ચ કરવું. અથવા QR Code સ્કેન કરશો તો પણ **'ભાગ્ય-વિધાતા'** ફિલ્મ ખુલશે.

## મુરલીધરની મસ્તાની, ગોપીવલ્લભની સાચી ગોપિકા

# દીદી મનમોહિની જી

### બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



માનવ જીવનનો ઉદ્દેશ્ય છે 'સુખ' તેથી મનુષ્ય નયનરમ્ય દ્રશ્યોથી 'નયનસુખ', સ્વાદિષ્ટ વાનગીઓથી 'સ્વાદસુખ' તથા મધુર સંગીતથી 'કર્ણસુખ' મેળવવાનો પુરુષાર્થ કરે છે, પરંતુ આ ઈન્દ્રિયસુખો કરતા શ્રેષ્ઠ છે 'અતીન્દ્રિય - સુખ' કહેવાય પણ છે કે, 'અતીન્દ્રિય સુખ વિશે પૂછવું હોય તો ગોપીવલ્લભના ગોપ-ગોપીઓને પૂછો.' આવું અદભૂત અને અવર્ણનીય અતીન્દ્રિય - સુખ મેળવનારા મહાન ભાગ્યશાળી ગોપ -ગોપીઓ-માંથી એક સર્વશ્રેષ્ઠ પ્રભુપ્રિય શિરોમણી, મુરલીધરની મસ્તાની, ગોપીવલ્લભની દીવાની, પદ્માપદમ ભાગ્યશાળી, સાચી ગોપિકા હતા 'દીદી મનમોહિનીજી' મુરલીધર શિવબાબા જ્યારે બ્રહ્મામુખ દ્વારા જ્ઞાનમુરલીની મધુર તાન છેડતા, ત્યારે દીદી મનમોહિની મૌલાઈ મસ્તીમાં મસ્ત થઈ જતા અને અતીન્દ્રિય સુખના ઝુલામાં ઝુલવા લાગતા. દીદીજીને નાઝ અને નશો હતો કે તેઓ ગોપીવલ્લભની નંબર વન ગોપી છે!

દીદીજીનો જન્મ 1910 માં સિંધ હૈદરાબાદના એક નામીગ્રામી અને ધનાઢ્ય કુળમાં થયો હતો. પિતા 'તુલસીદાસ' અને માતા 'રુકમણી' (જેમને બધા 'ક્વીન મધર' કહેતા હતા) એ આ કન્યારત્નને નામ આપ્યું 'ગોપી' જ્યારે ગોપી જ્ઞાનમાર્ગમાં આવી ત્યારે શિવપિતાએ તેમને અવ્યક્ત નામ આપ્યું, 'મનમોહિની'. સ્નેહ અને વાત્સલ્યમૂર્તિ દીદી, સ્થૂળ અને સૂક્ષ્મ પાલના આપીને સૌનું મન મોહી લેતા હતા. દીદીનું જેવું 'ગોપી' નામ હતું, તેવું જ દીદીનું મુરલીધર સાથે પ્રીત કરનારી 'સાચી ગોપી'નું સ્વરૂપ હતું. બાલ્યકાળથી જ દીદીને ગીતા અને ભાગવત સાથે અત્યંત પ્રેમ હતો. દીદી નિયમિતપણે ભાગવત વાંચતા હતા. જ્યારે દીદી ગોપીઓ સાથેની કૃષ્ણની લીલાની વાર્તાઓ વાંચતા ત્યારે દીદીના નેત્રો સજલ થઈ જતા. તેમને ગોપીઓ ખૂબ જ વહાલી લાગતી. દીદી પોતાની અંદર ગોપીઓને જોતા અને વિચારતા કે 'ગોપીઓ કૃષ્ણને કેવી રીતે મળતી હશે?'

દીદીના લૌકિક પરિવારનું દાદા લેખરાજ (બ્રહ્માબાબા)ના ઘરે આવન-જાવન રહેતું હતું. દાદાની સાચી ઊંડી ભક્તિ તથા ઉદારતા, દાનશીલતા અને પરોપકાર વગેરે ગુણોને લીધે ગોપીના પરિવારજનોને દાદા પ્રત્યે ખૂબ જ આકર્ષણ હતું. ગોપીની માતાની દિલની ઈચ્છા હતી કે બાળકોની લેણ-દેણ દાદાના ઘરે થાય, પરંતુ તેવું બન્યું નહીં. દસ વર્ષની નાની વયે ગોપીના લગ્ન એક ધનિક પ્રતિષ્ઠિત પરિવારમાં થયા. સાસરે સુખ-સુવિધા અને સંપત્તિ હોવા છતાં ગોપીની ભાવના હતી કે વધુ પૈસા કમાઈશ તો દાન કરીશ, જેનાથી પુણ્ય મળશે. આ વિચારથી ગોપી

સિલાઈ કામ કરીને દાન કરતી હતી. દાદા લેખરાજના મોટા પુત્રના લગ્ન નક્કી થયા, પરંતુ લગ્નની સીઝન હોવાથી કપડાં સીવવા માટે દરજી નહોતા મળી રહ્યા. દાદાને ખબર હતી કે ગોપી સિલાઈ કામમાં નિપુણ છે. દાદાએ કપડાં સીવવા માટે કહ્યું તો ગોપીએ બે દિવસમાં વસ્ત્રો સીવી આપ્યા, જેનાથી જશોદામાતા (દાદા લેખરાજના ધર્મપત્ની) ખુશ થયા અને ગોપીની દાદા સાથેની ઘનિષ્ઠતા વધી.

દીદીજી પોતાની અલૌકિક જન્મકથા આ રીતે સંભળાવે છે, 'ઓમમંડળીની ચર્ચા સાંભળી, એક દિવસ મારી લૌકિક માતા બ્રહ્માબાબા પાસે ગયા, બીજા દિવસે માતાએ બાબા પાસે જઈને મને લેવા માટે કાર મોકલી. તે જમાનામાં કાર હોવી એ મોટી વાત હતી. હું ગઈ તો બાબા ગીતા પર પ્રવચન કરી રહ્યા હતા. મેં બાબાના મસ્તક પર લાઈટનું ચમકતું ચક્ર જોયું. બાબાએ ઓમધ્વનિ કરી, હું તે રસીલી ઓમધ્વનિમાં ખોવાઈ ગઈ. બાબાના અવાજમાં મનને ડુબાડી દે તેવો રસ હતો. હું બાબાના મસ્તક પર તે જ ચક્ર જોઈ રહી હતી, તે જ્યોતિને જોઈને એવી જ અનુભૂતિ થઈ રહી હતી કે બ્રહ્માબાબા જ શ્રીકૃષ્ણ છે. સત્સંગ પૂરો થયો એટલે બાબા બોલ્યા, 'સત્સંગમાં શું સાંભળ્યું?' હું બોલી, 'મેં સાંભળ્યું તો ખરું, પણ શાસ્ત્રોમાં લખ્યું છે કે સ્ત્રીને ગુરુ કરવાની જરૂર નથી, કારણ કે પતિ જ ગુરુ અને પરમેશ્વર છે.' બાબા બોલ્યા, 'મેં તો કહ્યું જ નથી કે ગુરુ કરો. આ જ્ઞાનથી જીવન બને છે, જ્ઞાન સમજવા માટે 7 દિવસનો કોર્સ કરો.' બીજા દિવસે બાબાએ પેન્સિલથી દેવલોક (સૂક્ષ્મલોક), મૃત્યુલોક (સાકારલોક), બ્રહ્મ-લોકનું ચિત્ર બનાવ્યું અને સમજાવ્યું. મને જ્ઞાન સાંભળતી વખતે, બાબાના સાકાર સ્વરૂપમાંથી કૃષ્ણની ભાસના આવી રહી હતી. જ્ઞાન સાંભળતા-સાંભળતા મને દિલ જીગરથી પાકો નિશ્ચય થઈ ગયો કે ભાગવતમાં વર્ણવેલી ગોપી હું જ છું.'

ચંદ્રહાસદાદા દીદીની સંઘર્ષ ગાથા સંભળાવે છે, 'મારા માસા હતા 'હાસારામજી'. દીદી મારા માસાના મોટા પુત્ર 'તુલસીદાસ'ની દીકરી હતા. હાસારામજીનો મોટો પરિવાર હૈદરાબાદના બજારમાં મોટી કોઠીમાં રહેતો હતો. 'હાસારામજી' સમાજના મુખી અને 'જે.ટી. ચૈનરાય ફર્મ'ના માલિક હતા, તેમનો અનેક દેશોમાં આયાત-નિકાસનો વેપાર હતો. દીદીના લગ્ન હાથીરામાણી કુળમાં થયા હતા, દીદીના પતિ બિઝનેસમેન હતા, જે વ્યાપાર અર્થે વિદેશ આવતા-જતા હતા. દીદીની 16-17 વર્ષની ઉંમરે પિતાનું અકસ્માતમાં અવસાન થયું હતું. તે સમયે હૈદરાબાદમાં ચર્ચા હતી કે જેઓ ઓમમંડળીમાં જાય છે તેઓ ધ્યાનમાં જાય છે. આ સાંભળી દીદીના માતા સત્સંગમાં જવા લાગ્યા. પછી દીદી પણ સત્સંગમાં જવા લાગ્યા. પવિત્રતાના વ્રતને કારણે દીદીને પતિના ત્રાસ સહન કરવા પડ્યા, પતિ દ્વારા કરવામાં આવતી મારપીટનો સામનો કરવો પડ્યો. એક દિવસ ગુસ્સામાં આવીને પતિએ ગ્લાસ ઉપાડીને ફેંક્યો, તો ચશ્મા નીચે પડ્યા અને કાચ તૂટી ગયો. દીદી પતિને બોલી, 'તમે વિકારોને કારણે મારો છો, તમને હું પ્રિય છું કે વિકાર? જો વિકાર પ્રિય હોય તો મને છોડી દો.' આ સમાચાર દીદીની માતાને મળ્યા, માતાએ દીદીને પોતાની પાસે બોલાવી લીધા. માતા, બહેન(શીલ), પિતરાઈ બહેન(બૃજશાંતા) અને દાદા હાસારામ સાથે દીદી સત્સંગમાં જવા લાગ્યા.

અચાનક સમય પલટાયો. પ્રકાશમણી દાદીજીના બહેન સતીના પતિ વિદેશથી આવ્યા અને પત્ની સાથે પવિત્રતા બાબતે ઝઘડો કરવા

લાગ્યા. શહેરમાં હંગામો થયો કે જે માતાઓ ઓમમંડળીમાં જશે, તેમના પતિને કામવિકારનું વિષ નહીં મળે. એન્ટી ઓમમંડળીવાળા મુખી મંઘારામ અને દાદા હાસારામ જેવા મોટા લોકોને ભડકાવવા લાગ્યા. સમાજના લોકો હાસારામજીને કહેવા લાગ્યા, 'જે સત્સંગથી ઘર-બાર બગડી રહ્યા છે, ત્યાં તમે કેમ જાઓ છો?' લોકોએ હાસારામજીનું સત્સંગમાં જવાનું બંધ કરાવી દીધું. દાદા હાસારામ દીદી, તેમના બહેન શીલદાદી, પિતરાઈ બહેન બૃજશાંતાદાદી, ક્વીનમધરને સત્સંગમાં જવા માટે બંધન નાખવા લાગ્યા. દાદા હાસારામ દીદીને રોકીને કહેવા લાગ્યા કે તું દાદા લેખરાજ પાસે નહિં જા. પરંતુ દીદી દાદા સામે તો 'હા' કહેતા, પણ પછી છૂપી રીતે સત્સંગમાં જતા. દીદીને એટલી લગન લાગી ગઈ હતી કે તેઓ સત્સંગ વગર રહી શકતા નહોતા. દાદા હાસારામ વિરોધી થઈ જવાથી એન્ટી ઓમ મંડળીવાળાને બળ મળ્યું અને તેમણે ઓમનિવાસની બહાર પિકેટિંગ (દેખાવો) કર્યું. પિકેટિંગમાં એક તરફ મુખી મંઘારામ, હાસારામ જેવા મોટા પાઘડી-ધારીઓ હતા તો બીજી તરફ દીદી, શીલેન્દ્રાદાદી અને હું (ચંદ્રહાસદાદા) પણ હતો. દીદીને પિકેટિંગમાં જોઈ દાદા (હાસારામ)ને ક્રોધ આવ્યો અને તેમણે દીદીને ઘર છોડીને ચાલ્યા જવા કહ્યું. દીદી ઓમનિવાસ આવ્યા તો માતા અને બહેન (શીલદાદીજી) પણ ઓમનિવાસ આવી ગયા. બાબાએ ઓમનિવાસની સામે એક ભાડાનું મકાન 'પ્રેમ નિવાસ' રાખ્યું, ત્યાં દીદી, માતા ક્વીનમધર અને શીલદાદીને રાખ્યા. બાબા કરાચી આવ્યા તો દીદી પણ કરાચી આવ્યા, બાબાએ દીદી અને તેમના પરિવારનો અલગ ફ્લેટમાં પ્રબંધ કર્યો.'

મનોહર દાદીજી મનમોહિની દીદીજીની વિશેષતાઓ સંભળાવે છે, 'બ્રહ્માબાબા માતાઓ-બહેનો આગળ સમર્પિત થયા, તે કમિટીમાં દીદી પણ પ્રમુખ હતા. દીદી બાબા સાથે સખા રૂપે ખૂબ જ હળવાશથી વાત કરતા હતા. પ્રતિભાશાળી દીદી લીડર બની દરેક કાર્ય કરવામાં આગળ રહેતા. દીદીજીની સ્મૃતિ પ્રખર હતી, દીદીજી ખૂબ જ ચુસ્ત અને એક્યુરેટ હતા. દીદીજી જ યજ્ઞનો કારોબાર સંભાળતા હતા. યજ્ઞવત્સોને વસ્ત્રો આપવા, ફેન્સી સામાન આપવો વગેરે સેવાઓ દીદીજી પાસે હતી. દીદીજીની સાથે 8 - 10 બહેનો કારોબારમાં મદદગાર હતી, તેઓ દીદીજીની રાય-સલાહથી કાર્ય કરતી હતી. દીદી માતા હતા અને મમ્મા કુમારી હતા, તેથી બાબા મમ્માને કહેતા, 'મમ્મા, કોઈ કાર્ય કરવું હોય તો દીદી સાથે રાય-સલાહ કરજો.' અમે કરાચી ગયા તો ત્યાં દીદી બન્યા કંટ્રોલર! સમર્પિત થયા પછી બહેનોને આશરો જોઈતો હતો. કન્યાઓ પર લગ્ન કરવાનું દબાણ હતું. દીદીએ બાબાને કહ્યું, 'હું સિલાઈ જાણું છું, હું 8-10 સિલાઈ મશીનો અને 2-3 બહેનોને સાથે રાખી લઉં છું. જેમને લૌકિક તરફથી બંધન છે, તેમને સિલાઈ શીખવવાના બહાને અહીં બોલાવીશું.' બાબાએ સ્વીકૃતિ આપી, દીદીએ કરાચીમાં સિલાઈ સ્કૂલ ચલાવી, જ્યાં બાંધેલીઓને દીદી સિલાઈ શીખવતા હતા. તેમની ફરિયાદ આવતી તો કહેતા, 'કન્યાઓ-માતાઓ તો અલગ રહે છે, અહીં તો તેઓ સિલાઈ કરીને જીવન-નિર્વાહ કરે છે.' સિલાઈ ક્લાસમાં બધા યોગ લગાવતા, રાસ કરતા, બાબા-મમ્મા પણ રાસ-વિલાસમાં આવી જતા હતા.'

ભ્રાતા જગદીશભાઈ મનમોહિની દીદીજીના ગુણોનું વર્ણન કરે છે, 'દીદીજીના જીવનમાં અનેક દિવ્ય ગુણો ચરમ ઉત્કર્ષ પર હતા. 72 વર્ષની વયે પણ આશ્ચર્યચકિત કરી દે તેવી સ્ફૂર્તિ અને ચેતનાથી સેવા કરતા હતા. તેઓ વહેલી સવારે

મધુબનનું ભ્રમણ કરી, ભંડારા અને અન્ય સ્થાનો પર જરૂરિયાત મુજબ સલાહ આપી આવતા. દીદી એક આદર્શ વિદ્યાર્થી હતા, તેઓ નિત્ય સવારે ક્લાસમાં નોટબુક અને પેન લઈને, મુરલી સાંભળતી વખતે કેટલાક જ્ઞાનબિંદુઓ લખી લેતા અને દિવસભર જ્ઞાન-અભિલાષીઓને સંભળાવતા રહેતા. જેટલા દીદી જ્ઞાન અર્જનમાં તત્પર હતા, તેટલા જ તેઓ યોગાભ્યાસમાં તીવ્ર વેગી હતા. દીદી એક સ્નેહમયી આધ્યાત્મિક શિક્ષિકા પણ હતા. અતિથિને ડાયરી (જેમાં જ્ઞાન-યોગ સંબંધિત ચિત્રો હોય) આપીને કહેતા, 'આમાંથી કોઈ પણ પાનું ખોલો અને વાંચો, તેમાં શું લખ્યું છે?' આગંતુક જ્યારે વાંચી લેતા ત્યારે દીદીજી કહેતા, 'આ તમારા માટે ગુરુ ગ્રંથ સાહેબનું વચન છે, આ શિવબાબા તરફથી સોગાત છે.' દીદીજી કુશળ પત્ર-લેખિકા પણ હતા, જે સંક્ષિપ્તમાં લખેલા પત્રોથી સૂતેલાને જગાડી દેતા. દીદીજી ખૂબ ધનવાન પરિવારમાં જન્મ્યા હતા, પરંતુ પહેરવેશ, ખાનપાન અને રહેણીકરણી અત્યંત સાદા અને સાધારણ હતા. દીદીજીએ લૌકિક કુળ કે ધન-દોલતનું નહોતુ ક્યારેય વર્ણન કર્યું કે ના લૌકિક જીવનના સુખોને યાદ કર્યા. દીદી પોતાની પાસે જે વસ્તુઓ હોય તે બીજાને સોગાત રૂપે આપીને પ્રભુ-પ્રેમમાં બાંધી દેતા હતા.

મનમોહિની દીદીજી પ્રકાશમણી દાદીજી સાથે ખૂબ મોટી આંતરરાષ્ટ્રીય સંસ્થાનું સંચાલન કરતા હતા, જેનાથી તેમને અનેક અધિકારો પ્રાપ્ત હતા, પરંતુ તેમણે કોઈની સાથે અધિકાર કે સત્તાના મદ (અહંકાર)માં આવીને વાત નહોતી કરી. જો કોઈએ મર્યાદામાં વ્યવહાર ન કર્યો હોય તો માતૃવત પ્રેમ જ આપ્યો, જેથી તે જ્ઞાનમાર્ગમાંથી ચલિત ન થઈ જાય. દીદીએ ક્યારેય હઠ નહોતી કરી કે અમુક વ્યક્તિ ખોટી છે તો હું તેની સાથે વાત કેમ કરું? ઉલટાનું બીજાના મનને શીતળ કરવા તેઓ કહેતા, 'ભાઈ, મનની વાત કાઢી નાખો, આપણે બધા તો એક જ માર્ગના વટેમાર્ગુ છીએ.' દીદી માત્ર તપસ્યામૂર્તિ જ નહીં, પરંતુ વિનોદપ્રિય પણ હતા. તેઓ શાલીન અને અલૌકિકતાથી ભરેલા જોક્સ સંભળાવતા. ઉંમરમાં મોટા હોવા છતાં દીદી જરા પણ શુષ્ક સ્વભાવના નહોતા, તેઓ તો બાળક જેવા સરળ અને હાસ્ય-પ્રિય હતા. દીદી નિંદ્રાજીત હતા અને ખૂબ જ ઓછું ઊંઘતા હતા. તેઓ ઘણીવાર રાત્રે બે વાગ્યે ઉઠીને પણ યોગ કરતા. અવ્યક્ત બાપદાદાની પધરામણીમાં લાંબો સમય સામે બેસી રહેતા હતા. વિશેષ રૂપે યાદની યાત્રા પર દીદી ખૂબ જ ધ્યાન આપતા હતા, જેના કારણે જ તેઓ જ્ઞાન અને યોગની દોડમાં વિન (વિજય) કરી વન (પ્રથમ)ની યાદીમાં આવી ગયા.

ભારત-પાકિસ્તાન વિભાજન પછી યજ્ઞને સ્થાનાંતરિત કરતી વખતે ભારતમાં આબુનું સ્થાન પસંદ કરવામાં દીદી જ નિમિત્ત બન્યા હતા. સિંધી મિત્ર-સંબંધી બ્રહ્માવત્સોને ભારત બોલાવવા લાગ્યા. દીદીના કાકા લોકોમલ (જેમની મુંબઈમાં જસલોક હોસ્પિટલ છે) એ પત્ર લખ્યો કે 'જેમ રાજા જનકને જ્ઞાન મળ્યું, તેમ મને પણ જ્ઞાન આપો.' દીદીના ભાભી કમલાજીએ પણ તેમને નિમંત્રણ મોકલ્યું. બાબાએ દીદીને કહ્યું, 'ભારતમાં જઈને મકાન પસંદ કરો, પછી હું બાળકોને લઈને આવીશ.' દીદીજીએ ભારતના મોટા મોટા સ્થળો, પૂના, અમદાવાદમાં ભવનો જોયા. અમદાવાદમાં દીદીના લૌકિક પરિવારના ગુરુ ગંગેશ્વરાનંદે સલાહ આપી કે આબુ પર્વત તપસ્યાની દ્રષ્ટિએ ઉત્તમ છે, ત્યારે દીદીએ આબુ આવીને બૃજકોઠી પસંદ કરી. બાબા-મમ્મા અને બધા બ્રહ્માવત્સો આબુમાં સૌથી પહેલા બૃજકોઠીમાં જ આવીને રહ્યા

હતા.'

મધુબનના તુલસીભાઈ દીદીજી સાથેનો અનુભવ સંભળાવે છે, ' દીદીજી પોતાના (કર્મેન્દ્રિયોના) રાજા હતા. દીદીજીની પરખશક્તિ અને સૂઝબૂઝ ખૂબ જ હતી. તેઓ સમયના ખૂબ જ પાબંદ હતા. એકવાર અમૃતવેળાનો યોગ પૂરો થવા પર મેં ખૂબ જ લાંબુ ગીત વગાડી દીધું, યોગ 4:50 પર પૂરો થયો. દીદીજીએ મને 11 વાગ્યે બોલાવીને કહ્યું, 'આજે તારા કારણે મારી આખી દિનચર્યા બગડી ગઈ, કારણ કે ગીત લાંબુ થયું, હું યોગમાંથી મોડી આવી, મોડી આવી તો ચા ઠંડી થઈ ગઈ. જ્યાં સુધી લચ્છૂ (દાદીજી) ફરીથી ચા ગરમ કરી કે બનાવીને લાવે અને હું ચા પીઉં, ત્યાં સુધીમાં પંડિતજી (એક જૂના ભાઈ) બાથરૂમમાં ગરમ પાણી રાખીને ગયા હતા, તે ઠંડુ થઈ ગયું. પંડિતજીને શોધીને તેમની પાસેથી ફરી ગરમ પાણી મંગાવ્યું, આના કારણે હું ક્લાસમાં મોડી પડી. દીદીજી સફેદ લાઈટ થતા પહેલા પહોંચી જવી જોઈતી હતી ને! જ્યારે ક્લાસમાં આવી તો તેં મારા આવ્યા પહેલા જ સફેદ લાઈટ કરી દીધી, એટલું પણ ન વિચાર્યું કે દીદીજી આવ્યા નથી તો ગીત લાંબુ કરી દઉં. મારો જે રેકોર્ડ હતો કે હું ટાઈમ પર ક્લાસમાં પહોંચું છું, તે આખો રેકોર્ડ બગડી ગયો.'

એકવાર મેં દીદીજીને પૂછ્યું, 'તમને કેવી રીતે ખબર પડે છે કે કોને ક્યાં સેટ કરવા?' દીદીજી બોલ્યા, 'નવાને 4-5 દિવસ ખાલી છોડી દઉં છું અને જોઉં છું કે તે કયા ડિપાર્ટમેન્ટમાં જાય છે? કોનો સંગ કરે છે? તો હું સમજી જાઉં છું કે તે ત્યાં સેટ થઈ જશે.'

દાદી પ્રકાશમણીજી દીદીજીની અંતિમ સ્થિતિનું વર્ણન કરે છે, 'એક દિવસ દીદીજી રૂમમાં પડી ગયા, થોડી ઈજા થઈ. એક્સ-રેથી ખબર પડી કે દીદીજીને એક નાનું ટ્યુમર છે. ડોક્ટરની સલાહ મુજબ ઓપરેશન નક્કી થયું. દીદીજી હોસ્પિટલમાં આવ્યા. દીદીજીને નરીમાન પોઈન્ટ ફરવા લઈ જતા હતા. દાદી જાનકીજી કોલાબાથી આવતા અને દાદીઓની નરીમાન પોઈન્ટ પર રુહરિહાન (આધ્યાત્મિક વાર્તાલાપ) થતી હતી. એક દિવસ દીદીજીએ પ્રેમના મોતી વહાવ્યા, તે બે સિતારાઓનું મિલન હતું. બાબાએ કેવી અદભૂત જોડી (દીદી મનમોહિનીજી અને દાદી પ્રકાશમણીજીની) બનાવી હતી! બધા કહેતા, 'દીદી-દાદી બે શરીર અને એક આત્મા છે.' હોસ્પિટલમાં દાદી ગુલઝારજી, જગદીશભાઈ, નિર્વૈરભાઈ બધા દીદીજીને મળ્યા, તો દીદીજી ખૂબ જ હળવા અને ખુશ થયા. અમે ગુલઝાર દાદીજીને કહ્યું, 'બાબાને કહો, બે મિનિટ આવીને દીદીજીને મળે.' દીદીજી બાબાના ખૂબ જ લાડકા હતા. બાબા થોડી મિનિટો માટે પ્રાઈવેટ રૂમમાં આવ્યા અને બોલ્યા, 'તું તો મારી સ્પેશિયલ દીકરી છે, જો તારા માટે બાબા સ્પેશિયલ આવ્યા છે કારણ કે બાબા તો આવતા નથી ને અહીંયા. કોઈને ખબર પણ નથી. દીદીજી ચિંતા ન કરતી, બાબા તારી સાથે છે, તું નંબર વન છે અને નંબર વન જ વિન કરશે.' દીદીજીએ ધૂન લગાવી હતી 'હવે ઘરે જવું છે!' અંતે દીદીજીએ સર્વ કર્મબંધનોથી મુક્ત, સંપૂર્ણ કર્માતીત સ્થિતિ પ્રાપ્ત કરી અને 28 જુલાઈ 1983ના રોજ દેહના પાંજરામાંથી મુક્ત થઈ દીદીજી, અવ્યક્ત વતનવાસી ફરિશ્તા બની ગયા.

**॥ ઓમ શાંતિ ॥**

**અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

# મોહથી મુક્તિ - ગીતાનો સાચો સંદેશ

## બ્ર.કુ. નિકુંજભાઈ, ઘાટકોપર, મુંબઈ

નષ્ટો મોહઃ સ્મૃર્તિ લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત ।
સ્થિતોऽસ્મિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ ॥73॥

સ્વયં પરમાત્મા દ્વારા મેળવેલ ગીતાજ્ઞાન બાદ મહાન ધનુર્ધર અર્જુને જ્યારે આ શબ્દ ઉચ્ચાર્યા ત્યારે કદાચ તેને પણ આનો અણસાર નહીં આવ્યો હોય કે, તે આવનારી અનેક પેઢીઓને એક ખૂબ મહત્વપૂર્ણ શિક્ષાનો પાઠ ભણાવવા જઈ રહ્યા છે. પરમાત્માની કૃપાથી અર્જુનનો મોહ તો નષ્ટ થઈ ગયો અને તેને આત્મ જ્ઞાન પ્રાપ્ત થયું. પરંતુ આજે આટલા વર્ષો વીતી ગયા પછી પણ મનુષ્યનો મોહ હજી અતુટ શા માટે છે? તેનું મૂળ કારણ, મનુષ્યે ગીતા તો ઘણી વખત વાંચી પણ જીવનમાં તેનો અમલ કર્યો નહિ.

દૈહિક દ્રષ્ટિ (દેહભાનની નજર)થી જોનાર વ્યક્તિને પોતાના બાળકોમાં મમતાનો ભાવ જાગે તે સ્વાભાવિક છે. પહેલાં તો મનુષ્ય પોતે એક શરીર છે તેમ માની લે છે, જેનાથી તેણે પોતાનો સંસાર બનાવ્યો એટલે કે બાળકોને જન્મ આપ્યો. તેને તે 'મારા પોતાના બાળકો' છે તેમ માની લે છે. પરિણામે બાળકો સાથે રહેતા-રહેતા તેના પ્રત્યે રાગ, મમતા, મોહ ધીમે-ધીમે વધતો જાય છે. જે વ્યક્તિને આત્મિક સુખ કે પરમાનંદ સુધી પહોચવા દેતો નથી.

મોહ દેહના સગાં-સબંધીઓમાં થઇ શકે અને શરીરના ઉપયોગમાં આવતી દરેક ચીજ-વસ્તુઓમાં પણ થઈ શકે છે. આધુનિક જીવનમાં આ મોહ આપણને અનેક સ્વરૂપે જોવા મળે છે. જેમ કે પૈસા પ્રત્યે મોહ, ખ્યાતિ મેળવવા માટે મોહ, મોબાઇલ અને સોશિયલ મીડિયા પ્રત્યે મોહ. આ બતાવે છે કે, મનુષ્ય આજે વસ્તુઓનો ઉપયોગ કરતો નથી, પણ તેનો ગુલામ બની ગયો છે. જ્યારે માખી ગંદકી ઉપર બેસે ત્યારે વ્યક્તિ તેને ઉડાડવાનો પ્રયત્ન કરે તો પણ તે ત્યાંથી દુર જતી નથી વારંવાર ત્યાંજ આવીને બેસે છે. આજે મનુષ્યની હાલત પણ કંઇક આવીજ છે. કફ્યુક્ત, મળ વિકારથી ભરેલા આ કળયુગી શરીર સાથે પોતાનો ઘનીષ્ટ સંબંધ છે તેમ માની દેહમાં મોહિત થઈ જાય છે.

પરમાત્માએ આપણને આ સૃષ્ટિ ઉપર સુખ, શાંતિ અને સદભાવના સાથે જીવન જીવવા માટે મોકલ્યા છે. પરંતુ આપણે પોતાના લોભ, સ્વાર્થવશ ચારેબાજુ મોહ અને મમતાની એવી માયાજાળ ઉભી કરી દીધી છે કે, જેમાં આપણે પોતે તો ફસાયા જ છીએ. અને અન્યોને પણ આપણે આ માયાજાળમાં પોતાની સાથે ફસાવીએ છીએ. હવે આમાંથી બહાર કેવી રીતે નીકળવું? આની વિધિ સાવ સરળ છે. જેને 'આત્મઅનુભૂતિ' કહેવાય. જ્યાં સુધી આપણે આ વાતનો સ્વીકાર કરીશું નહીં કે મોહની માયાજાળ આપણી જ માનસિક બીમારીનું પરિણામ છે, ત્યાં સુધી આપણે તેમાંથી બહાર નીકળી શકીશું નહીં. માટે જો આપણે સ્વયંનો ઉદ્ધાર કરવા માંગતા હોઈએ, તો આપણે આ બધી ઈચ્છાઓ-કામનાઓનો ત્યાગ કરી એક પરમાત્માની જેમ સૌ આત્માઓ સાથે પ્રેમભાવ રાખવો પડશે. નહિતર આપણે મોહરૂપી કાદવમાંથી ક્યારેય બહાર નીકળી શકીશું નહિ. માટે કાયમ એટલું યાદ રહે કે, પ્રેમ એ એકમાત્ર એવી શક્તિ છે જે મોહને પણ ભસ્મીભૂત કરી શકે છે. કારણ કે મોહ એક બંધન છે. જયારે પ્રેમ મુક્તિ છે. માટે જો આપણે જીવનનો સાચો આનંદ લેવો હોય તો પરમાત્માની યાદમાં રહી 'નષ્ટોમોહા સ્મૃર્તિલબ્ધા' બનવું જ પડશે. એ જ ગીતાજ્ઞાનનો સાર - માનવ જીવનનું પરમ લક્ષ્ય છે.

**॥ ઓમ શાંતિ ॥**

## નરથી નારાયણ : આત્માની દિવ્ય યાત્રા

# દશાવતાર અને વર્ણોના આધ્યાત્મિક રહસ્યો

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

માનવ જીવન માત્ર દૈનિક ક્રિયાઓ, સંબંધો અને પરિસ્થિતિઓનો સમૂહ નથી, તે એક ઊંડો આધ્યાત્મિક પ્રવાસ છે. એક એવી યાત્રા, જેમાં આત્મા પોતાની મૂળ ઓળખ, શક્તિ અને પૂર્ણતાને ફરીથી પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં હોય છે. આ યાત્રા 'નરથી નારાયણ' બનવાની છે, જ્યાં સામાન્ય માનવ આત્મા ધીમે ધીમે દિવ્ય ગુણોથી સમૃદ્ધ બની સર્વોચ્ચ અવસ્થાને સ્પર્શે છે. ભારતીય પુરાણો અને શાસ્ત્રોમાં ઋષિ-મુનિઓએ આ આંતરિક યાત્રાને સમજાવવા માટે અનેક પ્રતિકો અને દ્રષ્ટાંતો આપ્યા છે. વેદવ્યાસજીએ દશા-વતારના ચિત્રણ દ્વારા અને શાસ્ત્રોએ 'વર્ણ' વ્યવસ્થાના આધ્યાત્મિક અર્થ દ્વારા આત્માના વિકાસના પડાવો ખૂબ સુંદર રીતે રજૂ કર્યા છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ જોવામાં આવે તો અનુભવાશે કે અવતારો અને વર્ણો કોઈ બાહ્ય ઓળખ કે સામાજિક વ્યવસ્થા નથી, પરંતુ આત્માની આંતરિક અવસ્થાઓ, ચરિત્રના પરિવર્તન, ચેતનાના ઊંચા સ્તરોનું પ્રતિનિધિત્વ કરે છે. શુદ્રથી બ્રાહ્મણ સુધીના ચાર વર્ણો - જેનો અર્થ ચરિત્રો થાય છે - આત્માના શુદ્ધિકરણ અને ઉન્નતિના તબક્કાઓ દર્શાવે છે, જ્યારે દશા-વતારમાંથી શ્રીરામ, શ્રીકૃષ્ણ, બૌદ્ધ અને કલ્કિ અવતારો આ યાત્રાના ઉન્નત પરિપૂર્ણ તબક્કાઓને જીવંત રૂપમાં રજૂ કરે છે આ તમામ પ્રતિકો એક જ મૂળભૂત સંદેશ આપે છે - 'માનવ આત્મા પાસે દિવ્યતા પ્રાપ્ત કરવાની સંપૂર્ણ ક્ષમતા છે.'

આ લેખમાં આપણે આ તમામ વર્ણો (ચરિત્રો) અને ચાર અવતારોને એકસાથે જોડીને આત્માની સંપન્નતા અને સંપૂર્ણતા તરફની યાત્રાને સમજવાનો પ્રયાસ કરીશું આ યાત્રા કોઈ એક સમય, સ્થળ કે વ્યક્તિ માટે મર્યાદિત નથી – તે દરેક આત્માની પોતાની આંતરિક સત્યકથા છે.

પરમાત્મા સંસારની સ્થાપના કરે છે. સંસાર અર્થાત સમાજ, જેમાં ભિન્ન પ્રકારના સંબંધો છે અને દરેક સંબંધ માટે કર્તવ્ય, મર્યાદાઓ અને નિયમો છે. નિયમ અને મર્યાદામાં ઉછરેલો સમાજ જ એક શ્રેષ્ઠ દિવ્ય સંસારની સ્થાપના કરી શકે છે. માટે જ પરમાત્મા આપણને સંબંધો સાચવવા અને નિભાવવા માટે શ્રીમત દ્વારા શ્રેષ્ઠ માર્ગદર્શન આપે છે. શ્રીમતના આધારે આત્મા 'મર્યાદા-પુરુષોત્તમ' અવસ્થાને પ્રાપ્ત કરે છે, જે દશા-વતારમાં શ્રીરામ અવતાર તરીકે પ્રસિદ્ધ છે. જીવનના દરેક તબક્કે બાળપણ, કિશોરાવસ્થા, યુવાની અને વૃદ્ધા-વસ્થામાં મનુષ્યને અનેક ભૂમિકાઓ ભજવવી પડે છે. જો જીવનમાં શાંતિ, સુખ અને સમૃદ્ધિ જોઈએ, તો મર્યાદા અને કર્તવ્યનું પાલન અનિવાર્ય છે. આ મર્યાદા કોઈ બંધન નથી, પરંતુ જીવનને સુંદર અને સંતુલિત બનાવતી એક દિવ્ય વ્યવસ્થા છે.

### શ્રીરામ - આદર્શ જીવનનું જીવંત ચિત્ર

રામનું જીવન એક એવો દીવો છે, જે દરેક સંબંધને કેવી રીતે નિભાવવો તે શીખવે છે, શ્રીરામનું જીવન માત્ર વ્યક્તિગત મહાનતા નથી, પરંતુ સંબંધોના પવિત્ર સંચાલનનું વિજ્ઞાન છે. રામાયણમાં વર્ણવાયેલ રામલીલા જીવનની દરેક ભૂમિકાનું જીવંત શિક્ષણ આપે છે. માતા-પિતા પ્રત્યે શ્રદ્ધા, ભાઈ-બહેન પ્રત્યે પ્રેમ અને સહકાર, પતિ-પત્ની વચ્ચે વિશ્વાસ, મિત્રતામાં નિષ્ઠા, સમાજ પ્રત્યે

જવાબદારી. દરેક પાત્ર અને દરેક ઘટના આપણને એક આંતરિક સંદેશ આપે છે કે ‘ સંબંધોને નિભાવવામાં જ જીવનની સાચી સફળતા છે.’

## આધ્યાત્મિક દૃષ્ટિકોણથી મર્યાદા પુરુષોત્તમ અવસ્થા

મર્યાદા પુરુષોત્તમ બનવું એટલે માત્ર બહારથી સારા બનવું એ નથી, પરંતુ અંદરથી શુદ્ધ, સંતુલિત અને જાગૃત બનવું છે. વિચારોમાં શુદ્ધતા, વર્તનમાં સંયમ, સંબંધોમાં સ્નેહ, કર્તવ્યોમાં નિષ્ઠા, પરિસ્થિતિઓમાં સ્થિરતા. જ્યારે સાધક આ ગુણોને જીવનમાં ઉતારે છે, ત્યારે તે આત્માની શ્રેષ્ઠ અવસ્થા તરફ આગળ વધે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ શ્રીરામ આત્માની ‘ સતો-સામાન્ય’ અવસ્થાનું પ્રતિક છે, એક એવી સ્થિતિ જ્યાં આત્મા મર્યાદા, કર્તવ્ય અને સંસ્કારોથી સમૃદ્ધ બને છે. પરંતુ આ સ્થિતિ હજુ પૂર્ણ નથી. અહીં આંતરિક યુદ્ધ ચાલુ રહે છે. ક્યારેક પરિસ્થિતિઓથી પ્રભાવિત થવું, ક્યારેક વ્યક્તિ પ્રત્યે અભાવ, લગાવ કે ઝુકાવ અનુભવવો, ક્યારેક મનમાં દ્વંદ્વ કે અસ્થિરતા અનુભવવી. આથી આ અવસ્થાને ‘ચૌદકલાપૂર્ણ’ કહી શકાય. આત્મામાં શક્તિ છે, પરંતુ તે હજી સંપૂર્ણ સ્થિર નથી. આ જ કારણ છે કે શ્રીરામને ‘ધનુષધારી’ તરીકે દર્શાવવામાં આવ્યા છે. ધનુષ આંતરિક યુદ્ધનું પ્રતિક છે – મનના વિકારો, સંશયો અને સંઘર્ષો સામે સતત લડવાની સ્થિતિનું પ્રતિક. આ તબક્કો એ છે જ્યાં સાધક સાચા માર્ગ પર છે, પરંતુ હજુ સંપૂર્ણ સ્થિરતા પ્રાપ્ત કરી નથી.

## શ્રીકૃષ્ણ અવતાર - સર્વગુણ સંપન્નતા, હળવાશ અને સમાધાનની અવસ્થા

રામ અવતાર પછીનો તબક્કો છે કૃષ્ણ અવતાર. જ્યારે આત્મા રાજયોગના અભ્યાસ દ્વારા સ્મૃતિ, મર્યાદા અને આત્મજાગૃતિમાં સ્થિર થાય છે, ત્યારે તે ‘ સંપૂર્ણતા’ અર્થાત્ સતોપ્રધાન અવસ્થામાં પ્રવેશે છે. આજ અવસ્થા શ્રીકૃષ્ણ અવતાર તરીકે ઓળખાય છે. આ અવસ્થાની વિશેષતાઓ અદ્ભુત છે. અનેક પરિસ્થિતિઓ વચ્ચે પણ હર્ષિતમુખ રહેવું, દરેક સમસ્યામાંથી સમાધાન શોધવાની કળા, સર્વગુણ સંપન્નતા અને સંતુલિત વ્યક્તિત્વ, પ્રેમ, જ્ઞાન અને શક્તિનો સુંદર સંગમ. શ્રીકૃષ્ણનું જીવન બતાવે છે કે જો આપણે આંતરિક રીતે મજબૂત હોઈએ, તો પરિસ્થિતિઓ ક્યારેય આપણને દબાવી શકતી નથી. આ અવસ્થામાં આત્મા પરિસ્થિતિ-ઓથી ઉપર ઊઠીને પરમાનંદની અનુભૂતિ કરે છે. તે હવે પ્રતિક્રિયા આપતું નથી, પરંતુ સર્જનાત્મક રીતે પ્રતિભાવ આપે છે. આ જ કારણ છે કે દરેક આત્માને શ્રીકૃષ્ણ પ્રત્યે સ્વાભાવિક આકર્ષણ અને પ્રેમ અનુભવાય છે, કારણ કે આ આત્માની સર્વોચ્ચ, આકર્ષક અને પૂર્ણ અવસ્થા છે. અદ્ભુત વાત તો એ છે કે ‘ કૃષ્ણ ’ શબ્દનો અર્થ માત્ર શ્યામ કે કાળો નથી, પરંતુ ‘ આકર્ષણમૂર્તિ ’ પણ થાય છે.

## બૌદ્ધ અવતાર - સ્થિતપ્રજ્ઞ, નષ્ટમોહા અને સ્મૃતિ સ્વરૂપ અવસ્થા

જ્યારે આત્મા સતત સાધના દ્વારા સતોપ્રધાન અવસ્થામાં સ્થિર થાય છે, ત્યારે તે વધુ ઊંડા સ્તરે પ્રવેશે છે. બૌદ્ધિક અને માનસિક સ્થિરતાની અવસ્થામાં આ જ અવસ્થા છે બૌદ્ધ અવતાર. આ તબક્કામાં આત્મા સ્થિત-પ્રજ્ઞ બને છે (અચળ બુદ્ધિ), નષ્ટમોહા અવસ્થામાં પહોંચે છે (મોહનો અંત), સ્મૃતિ સ્વરૂપ બની રહે છે (આત્મસ્વરૂપમાં સ્થિરતા). અહીં મન સંપૂર્ણ શાંત હોય છે, બાહ્ય પરિસ્થિતિઓ હવે કોઈ અસર કરતી નથી, સાધક ‘સાક્ષીભાવ’માં રહે છે, જુએ છે, સમજે છે, પરંતુ પ્રભાવિત થતો નથી. આ તબક્કામાં આત્મા આંતરિક આનંદ અને શાંતિનો એવો અનુભવ કરે છે, જે કોઈ બાહ્ય વસ્તુ પર આધારિત નથી.

## દશમો અવતાર - સંહારક, વિઘ્નવિનાશક અને પૂર્ણતા તરફનો અંતિમ સંઘર્ષ

આ સમગ્ર યાત્રા સરળ નથી. જ્યારે આત્મા પૂર્ણતા તરફ આગળ વધે છે, ત્યારે અનેક પ્રકારના વિઘ્નો, પરિસ્થિતિઓ અને પરીક્ષાઓ આવે છે। ઘણીવાર સાધક આત્માઓને નિંદા, કલંક અને ગેરસમજનો સામનો કરવો પડે છે. આ જ તબક્કાને દશમા કલ્કિ અવતાર દ્વારા દર્શાવવામાં આવ્યો છે, જે વિઘ્ન-વિનાશક અને સંહારક શક્તિનું પ્રતિક છે. અહીં 'સંહાર'નો અર્થ બાહ્ય વિનાશ નથી, પરંતુ આંતરિક દોષોનો નાશ છે. આધ્યાત્મિક યાત્રામાં અહંકાર, ક્રોધ, લાલચ, મોહ જેવી નકારાત્મકતાઓને આત્મા જીતે છે. આ અવસ્થા આપણને એક મહાન સંદેશ આપે છે 'ગમે તેટલા વિઘ્નો આવે, તો પણ સાધના છોડવી નહીં.' કારણ કે અંતે સત્યની જીત થાય છે. શુદ્ધતા વિજયી બને છે અને આત્મા પોતાની સર્વોચ્ચ અવસ્થામાં સ્થિર થાય છે. માટે જ પરમાત્મા કહે છે 'મીઠે બચ્ચે, કલંગીધર બનવા માટે કલંકને સહન કરો. બાપ પર પણ કલંક લાગે છે.'

## વર્ણ વ્યવસ્થાનો આધ્યાત્મિક અર્થ - આત્માની ચાર ચરિત્ર અવસ્થાઓ

જેમ વેદવ્યાસજીએ દશાવતાર દ્વારા આત્માની આધ્યાત્મિક યાત્રાને સમજાવી છે, તેમ ઋષિઓએ 'વર્ણ' વ્યવસ્થાનું પણ આધ્યાત્મિક વર્ણન કર્યું છે. આધ્યાત્મિક દૃષ્ટિકોણથી 'વર્ણ'નો અર્થ કોઈ સામાજિક વર્ગ નથી, પરંતુ આત્માની આંતરિક ચરિત્ર અવસ્થા છે. આ ચાર ચરિત્રો છે શુદ્ર, વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણ. આ ચારેય આત્માના વિકાસના અલગ-અલગ પડાવો છે. સૃષ્ટિ એક રંગમંચ છે અને આપણે બધા આ રંગમંચ પર પાત્ર ભજવી રહ્યા છીએ. સૃષ્ટિને ચક્ર પણ કહેવાય છે, જે અવિરત ફરતું રહે છે। સતયુગથી લઈને કળીયુગના અંત સુધી આત્માની સ્થિતિ બદલાતી રહે છે, આ જ બદલાતી સ્થિતિઓ એટલે વર્ણો.

### 1. શુદ્ર ચરિત્ર - તમોપ્રધાન, અજ્ઞાન અને વાસનાઓની અવસ્થા

સૃષ્ટિના અંતે કળિયુગમાં આત્મા કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જેવા વિકારોથી મલિન બને છે. આ અવસ્થાને શુદ્ર ચરિત્ર કહેવામાં આવે છે. વિચારોમાં અશુદ્ધતા, પ્રતિક્રિયામાં અસ્થિરતા, સ્વાર્થ અને ઈન્દ્રિય-સુખની પ્રબળતા આ અવસ્થાની મુખ્ય વિશેષતાઓ છે. આ આત્માની તમોપ્રધાન અવસ્થા છે, જ્યાં આત્મા બહારના વિશ્વમાં જ સુખ શોધે છે અને પોતાની સાચી ઓળખથી અજાણ રહે છે. પરંતુ કળિયુગના અંતે પરમાત્મા શિવ અવતરિત થઈ આત્માઓને જગાડે છે. અહીંથી જ જાગૃતિની શરૂઆત થાય છે.

### 2. વૈશ્ય ચરિત્ર - જાગૃતિ અને આધ્યાત્મિક પ્રારંભ

જ્યારે આત્મા સમજવા લાગે છે કે માત્ર ઈન્દ્રિયસુખમાં સત્ય સુખ નથી, ત્યારે તે લાભ-હાનિના વિચારમાં પ્રવેશે છે. આ અવસ્થા વૈશ્ય ચરિત્ર કહેવાય છે. સારા-ખરાબનું મૂલ્યાંકન, જીવનમાં સંતુલન લાવવાનો પ્રયત્ન, આધ્યાત્મિક માર્ગ પર પ્રથમ પગલું, પરંતુ અહીં સમજ સાથે સ્વાર્થની ભેળસેળ હજી રહે છે. આત્માના મનમાં બે પ્રશ્નો ઊભા થાય છે, 'મારે શું?' અને 'મને શું મળશે?' આ આત્માની રજોપ્રધાન અવસ્થા છે. આત્મા શુદ્ર ચરિત્રનો ત્યાગ કરીને આધ્યાત્મિક યાત્રાની શરૂઆત કરે છે. ભલે પૂર્ણ શુદ્ધતા હજી આવી નથી પણ દિશા જરૂર બદલાઈ ગઈ છે.

### 3. ક્ષત્રિય ચરિત્ર - પુરુષાર્થ, સંઘર્ષ અને મર્યાદા

જ્યારે આત્મા સતત પુરુષાર્થ કરે છે, ત્યારે તે

'સતો-સામાન્ય' અવસ્થામાં પ્રવેશે છે, જેને ક્ષત્રિય ચરિત્ર કહેવામાં આવે છે. આ જ અવસ્થા શ્રીરામ દ્વારા સુંદર રીતે દર્શાવવામાં આવી છે. મર્યાદાનું પાલન, કર્તવ્ય પ્રત્યે નિષ્ઠા, આંતરિક વિકારો સામે સંઘર્ષ. પરંતુ અહીં પણ આંતરિક યુદ્ધ ચાલુ રહે છે. ક્યારેક અભાવ, લગાવ, ઝુકાવ અને ક્યારેક પરિસ્થિતિઓથી પ્રભાવિત થવું આ બધું હજી અસ્તિત્વમાં રહે છે. આ અવસ્થા ખૂબ ઉન્નત છે, પરંતુ હજી 'ચૌદકલાપૂર્ણ' જ છે. આત્મામાં શક્તિ છે, પણ સંપૂર્ણ સ્થિરતા હજી પ્રાપ્ત નથી.

### 4. બ્રાહ્મણ ચરિત્ર - વિશાળતા, પવિત્રતા અને આત્મિક શક્તિ

પુરુષાર્થ કરતા કરતા આત્મા બ્રાહ્મણ ચરિત્ર સુધી પહોંચે છે, જે આધ્યાત્મિક યાત્રાનો સર્વોચ્ચ ચરિત્ર તબક્કો છે. 'બ્રાહ્મણ'નો અર્થ છે – જેનું મન બ્રહ્મમાં અને પરમાત્મામાં સ્થિર છે. જેનું હૃદય બૃહદ એટલે કે વિશાળ, નિસ્વાર્થ અને કરુણામય છે. આ ચરિત્ર ચાર મુખ્ય આધાર પર ટકેલું છે.

**1. નિશ્ચય-** આત્મવિશ્વાસ અને પરમાત્મામાં અડગ વિશ્વાસ **2. પ્રેમ-** નિસ્વાર્થ અને સર્વવ્યાપી પ્રેમ **3. પવિત્રતા-** વિચારો, શબ્દો અને કર્મમાં શુદ્ધતા તેમજ **4. હિંમત-** પરિસ્થિતિઓમાં અડગ રહેવાની શક્તિ. આ ચાર આધાર આત્માને પૂર્ણતા તરફ લઈ જાય છે. આજના યુગમાં પણ બ્રાહ્મણને 'ભૂદેવ' કહેવામાં આવે છે, કારણ કે તે પૃથ્વી પર દિવ્ય ગુણોનું પ્રતિક છે.

### 5. દેવતા વર્ણ - આત્માની સર્વોચ્ચ પૂર્ણતા

આ ચાર વર્ણો પછી પરમાત્માએ પાંચમા વર્ણની વાત કરી છે, જે સામાન્ય રીતે શાસ્ત્રોમાં સ્પષ્ટ રીતે વર્ણવાયેલો નથી. એ છે દેવતા વર્ણ. આ સૃષ્ટિના આદિકાળમાં રહેલી આત્માની સર્વોત્તમ અવસ્થા છે. આજે પણ 33 કરોડ દેવી-દેવતાઓનું ગાયન અને પૂજન થાય છે. આ માનવ આત્માની સર્વશ્રેષ્ઠ અવસ્થા છે, જ્યાં આત્મા સંપૂર્ણ પવિત્રતા, શાંતિ અને દિવ્યતામાં સ્થિર બને છે.

છેલ્લા ઘણા મહિનાઓથી દશાવતાર વિષય પર લેખન કરવા માટેનો લેખકનો અનુભવ અવિસ્મરણીય રહ્યો છે. કારણ કે આ વિચારો માત્ર બુદ્ધિથી ઉપજેલા નથી, પરંતુ પરમાત્માની પ્રેરણા અને અનુભૂતિથી સ્પર્શાયેલા છે. આ તમામ અનુભવો દ્વારા લેખકનું મન સતત એક જ ગીત ગાય છે, 'વાહ રે મારું ભાગ્ય વાહ !'

॥ ઓમ શાંતિ ॥

## વાહ ડ્રામા વાહ

**બ્ર. કુ. જૂનાગઢ**

હિસાબ-કિતાબનો અનેરો ખેલ... એ ડ્રામા,
સ્વભાવ સંસ્કારની ભૂલ ભૂલામણી... એ ડ્રામા,
તુજ બનાવે ને, તું જ રમે... એ ડ્રામા,
મારું બનાવેલુ જ ન સ્વીકારાય... એ ડ્રામા,
અચરજ, આડંબને વ્યાધિ કરાવે... એ ડ્રામા,
બની રહેલું જ બની રહ્યું છે... એ ડ્રામા,
છતાં હુ ભવિષ્યથી અજાણ... એ ડ્રામા,
હું બીજાને જ દોષ દઉં છુ... એ ડ્રામા,
પણ બધી આત્મા નિર્દોષ છે... એ ડ્રામા,
મારા દુ:ખનું કારણ બીજાને માનું... એ ડ્રામા,
મેં કરેલું જ હું ચૂકવું છુ... એ ડ્રામા,
બહારથી જોતા કંઈક પ્રશ્ન... એ ડ્રામા,
સમજણથી જોતા ફુલ સ્ટોપ... એ ડ્રામા,
અસમજણથી દુનિયા મુંજતી... એ ડ્રામા,
એક્યુરેટ અવિનાશી સમયની ગતિ... એ ડ્રામા,
દેવ ચિત્ર, પ્રકૃતિ ચિત્ર, દેહ ચિત્ર... એ ડ્રામા,
વિચિત્રનું ચિત્ર નહિ એ વાહ ડ્રામા વાહ...

**॥ ઓમશાંતિ ॥**

**જ્ઞાન પરબ**

# યજ્ઞ માતા આધશક્તિ મા સરસ્વતી

## બ્ર.કુ. જગદીશભાઈ, ઈસનપુર, અમદાવાદ

ભક્તિ માર્ગમાં હજારો દેવી દેવતાઓની પૂજા થાય છે, પરંતુ તેમના જન્મ, મરણ, બાલચરિત્ર, કર્તવ્ય કે પરિવાર વિશે ભાગ્યે જ કોઈ ભક્તને માહિતી હશે. શિવજી અને બ્રહ્માજી વિશે પણ અજ્ઞાનતાને કારણે શાસ્ત્રમાં અનેક ભિન્ન-ભિન્ન વાતો પ્રચલિત છે. પરમાત્માને ઓળખવા માટે દિવ્ય દ્રષ્ટિ જોઈએ તેમ બ્રહ્માજી અને સરસ્વતીને સમજવા કે ઓળખવા માટે દિવ્ય બુદ્ધિ જોઈએ. મા સરસ્વતી બ્રહ્માજીની પુત્રી છે, તેઓ પણ પિતાશ્રી બ્રહ્માજીની જેમ ગુપ્ત છે. બ્રહ્માજીની જેમ તેમના પણ કોઈ મંદિર હોતા નથી કે જેમા તેમની આરતી કે પૂજા થતી હોય. જેમ કળિયુગ અને સતયુગનો સંધિકાળ સંગમયુગ ગુપ્ત છે, તેની યાદગારરૂપે હરિદ્વારમાં ગંગા - જમના - સરસ્વતીના ત્રિવેણી સંગમમાં પણ, સરસ્વતીને ગુપ્ત માનવામાં આવે છે, કારણ કે સરસ્વતી નદી પાણીની સપાટીથી નીચેના સ્તરે વહેતી હોય છે.

દેવી ભાગવત પુરાણ અનુસાર સરસ્વતીનો ઉદભવ શ્રીકૃષ્ણની જીહવાના અગ્રભાગથી થયો હતો તેમ માનવામાં આવે છે. વાસ્તવમાં સતયુગમાં જે શ્રીકૃષ્ણની આત્મા છે, તેમનો જ કળિયુગના અંતિમ જન્મના શરીરને બ્રહ્મા નામ આપવામાં આવે છે. બ્રહ્માની જીહવા દ્વારા શિવ પરમાત્માએ જે ઈશ્વરીય મહાવાક્ય ઉચ્ચારણ કર્યા તેને સાંભળીને જ બ્રહ્માના મુખારવિંદ દ્વારા, માં સરસ્વતીનો અલૌકિક જન્મ થાય છે. કોઈ વિદ્વાન પંડિત સારું જ્ઞાન આપે અથવા કોઈ વક્તા સારુ ભાષણ કરે તો કહેવાય છે કે તેમની જીભ પર તો સરસ્વતી વસેલી છે. વાસ્તવમાં સરસ્વતી તો બ્રહ્માજીની જીભ ઉપર વસેલી હોય છે.

મા સરસ્વતીની પ્રાર્થનામાં કહેવામાં આવે છે કે, જે શ્વેત કમળ પર આસીન છે, જેના શરીર પર શ્વેત ચંદનનો લેપ કરવામાં આવે છે તથા ઋષિમુનિઓ પણ જેના ગુણગાન કરે છે એવા હે સરસ્વતી દેવી મારા પર કૃપા કરીને પ્રસન્ન થાઓ. માં સરસ્વતીની કૃપાથી જ એક મહામૂર્ખ માનવ, મહાકવિ કાલિદાસ બની જાય છે. શિવજીની તપસ્યા કરીને કુંભકરણને ઈન્દ્રાસન જોઈતું હતું પરંતુ ભગવાનના આદેશ અનુસાર તેની જીભ ઉપર માં સરસ્વતી બિરાજમાન થઈને ઈન્દ્રાસનના બદલે નિદ્રાસન બોલાવી દે છે, કારણકે જો તેને ઈન્દ્રાસન મળે તો સંસારમાં પાપાચાર અને અત્યાચાર ખૂબ જ વધી જાય.

શાસ્ત્રોક્ત પ્રમાણે મા સરસ્વતીને બુદ્ધિ-દાયની, અજ્ઞાન અને મુઢતાનો નાશ કરવાવાળી અને સદબુદ્ધિ પ્રાપ્ત કરાવવાવાળી માનવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં દેવી સરસ્વતીનું ખૂબ જ ઊંચું, મહત્વનું, સન્માનીય અને અગ્રગણ્ય સ્થાન છે. સુર, અસુર, યોગી, ભોગી, રાજા, પ્રજા, યોદ્ધા કે સીદ્ધા કોઈપણ હોય, સમસ્ત માનવકુળ વિદ્યાદેવી સરસ્વતીની આરાધના કરે છે. કોઈપણ વિદ્યાલયના પ્રાંગણમાં કે મુખ્ય દ્વારની પાસે જ માં સરસ્વતીની મૂર્તિ કે ફોટો રાખવામાં આવે છે. માં સરસ્વતી મુક્તિની દાતા છે એટલે જ કોઈ પણ પાઠ્યપુસ્તકના પ્રથમ પાને સા વિદ્યા યા વિમુક્તયે લખેલું હોય છે. વિદ્યા એને કહેવાય જે મુક્તિ અપાવે. મા સરસ્વતી એવું જ્ઞાન આપે છે કે સાંસારિક દુખ, અશાંતિ, ભય, રોગ, શોક,

ચિંતા, ઝંઝટ, કંકાસથી આત્મા મુક્તિનો અનુભવ કરે છે.

સમસ્ત સંસાર જેની કામધેનુ, આદ્યશક્તિ, સરસ્વતી, વિદ્યાદાયિની, જ્ઞાનવીણાવાદિની, હંસ-વાહિની જેવા અનેક નામોથી પોકારે છે, જેમની આરાધના સંસારનો સમસ્ત બુદ્ધિજીવી વર્ગ કરે છે, પરંતુ એ કેટલી આશ્ચર્યજનક ને આનંદદાયક વાત છે કે એજ મા સરસ્વતીએ, સાકારરૂપે આ ધરતી પર આવી, પોતે ઉદાહરણરૂપ બનીને તેમના જેવી અનેક બ્રહ્મા પુત્રી દેવીઓનું નવસર્જન કર્યું. મા સરસ્વતી મહાન તપસ્વીની, કુમારીકા, બાલ બ્રહ્મચારી હોવા છતાં 350 થી પણ અધિક કુમારો અને કુમારીઓની મા બનીને તેમને અલૌકિક રીતે પાળ્યા-પોષ્યા, દૈવી ગુણોથી શૃંગાર કર્યો, યોગી બનાવી યોગ્ય બનાવ્યા, દ્રષ્ટિ દ્વારા, સ્નેહ દ્વારા, પીઠ થબથબાવી, યોગના પ્રકંપનથી, પોતાના મધુર બોલથી શિશુવત્ પાલના આપી અધ્યાત્મિક કર્મક્ષેત્રમાં સફળ થતા શીખવ્યું. શિવબાબા અને બ્રહ્માબાબા પછી જગદંબા સરસ્વતીનો પાર્ટ સર્વ રીતે મહાન છે.

વૈદિક રુચાઓમાં સરસ્વતીને શિવ સહોદરા કહેવામાં આવે છે. તેઓ શક્તિસેનાની સેનાપતિ મા શક્તિ વિદ્યા, જ્ઞાન, તપ, સત્ય, સેવા અને ત્યાગ જેવા ગુણોથી ભરપૂર હતા. જગદંબા સરસ્વતી શક્તિઓની અધિષ્ઠાત્રી, ભાગ્ય વિધાત્રી, જ્ઞાનયોગ ધારણ કરનાર, પવિત્રતાની સાક્ષાત દેવી હતા. યજ્ઞ દુર્ગની રક્ષા કરવાવાળી મા દુર્ગા હતા. તેમની અભય અવસ્થાની યાદગાર સિંહવાહિની છે. પ્રેમ અને મમતાની મૂર્ત, તેમની દૃષ્ટિ જાદુઈ છડીની જેમ, જેમના પર પડતી તેઓ માનસિક અશાંતિથી મુક્તિ પામતા. એજ જગતજનની, વંદે માતરમનો નારો લગાવવા-વાળી, પ્રથમા, દિવ્ય ગુણોની ખાણ હતા. આ જ મીઠી મમ્મા શીતલતાથી ભરપૂર, શીતળામાં, યોગ અગ્નિથી પ્રજવલિત જ્વાલાદેવી, મા અન્નપૂર્ણા, સંતોષી મા, પર્વત પર તપસ્યા કરવાવાળી પાર્વતી મા બાબા આદમની બીવી હવા અને એડમની ઈવ, માડી અંબે છે. મા સરસ્વતીને બ્રહ્માની સમકક્ષ  સ્થાન પર બેસી પ્રતિદિન મુરલી-ક્લાસ કરાવવાનો અર્થાત્ જ્ઞાન વીણા વગાડવાનો અધિકાર હતો. સ્વયં બ્રહ્મા તેમને માળાના યુગ્મ મણકામાં સ્થાન આપી યજ્ઞમાતાની પદવી આપતા. બાબા પોતે તેમને ઘણીવાર રેલ્વે સ્ટેશન સુધી મૂકવા જતા. ગણેશજી બુદ્ધિના અધિદેવતા છે તેમની પાસે પણ સરસ્વતી અર્થાત બુદ્ધિની અધિદેવી રિદ્ધિ હોય છે. ભારતીય ઘર્મશાસ્ત્ર પણ કહે છે કે બુદ્ધિ દાયિની મા સરસ્વતીની આરાધના અજ્ઞાનતા અને મૂઢતાનો નાશ કરે છે અને સદબુદ્ધિ પ્રાપ્ત કરાવે છે.

દેવી સરસ્વતીનો એક શ્લોક પ્રસિદ્ધ છે...

યા કુન્દેન્દુ તુષાર હાર ધવલા, યા શુભ્ર વસ્ત્ર વૃતાં,
યા વીણા વરદંડ મંડિતકરા, યા શ્વેત પદ્માસના.

દેવી સરસ્વતી કુંદ ઈન્દુ ચંદ્રમા સમાન અને તુષાર જેવી શ્વેત છે, જે શ્વેત વસ્ત્ર ધારણ કરેલી તથા શ્વેત પદ્મ એટલે કમળ પર આસીન છે. જ્ઞાનની દેવીની સાથે બધી જ શ્વેત વસ્તુઓની કલ્પના કરેલી છે. બીજી બધી જ દેવીઓને લાલ કે લીલા પીળા કલરની રંગીન સાડીઓથી શણગારવામાં આવે છે. તેમનું વાહન હંસ પણ શ્વેત હોય છે તેમજ બ્રહ્મા સરસ્વતી તથા ફરિશ્તાઓને પણ શ્વેતવસ્ત્રમાં બતાવવામાં આવે છે. જે ત્યાગી અને સેવાભાવી હોય છે જેમકે ડોક્ટર, નર્સ, રાજનેતા, પાદરી, પૂજારી વગેરે શ્વેત વસ્ત્રો ધારણ કરે છે. આ યજ્ઞમાં પાંચ વિકારો તથા તન મન ધનની આહુતિ આપવામાં આવે છે. આહુતિ ન

**(અનુસંધાન પેજ નં. 05 પર)**

# રમતગમતમાં નૈતિકતા અને આધ્યાત્મિકતા

બ્ર.કુ. સમરજીતભાઈ, શાંતિવન, આબુ રોડ, રાજસ્થાન

છેલ્લા લેખમાં આપણે જોયું ભારતીય રમતોનો પાયો યોગ અને નૈતિકતા છે, જેનું લક્ષ્ય **'સ્વયં પર વિજય'** મેળવવાનું છે. સંગમ યુગમાં **'કરનકરાવનહાર બાબા છે'**ની સ્મૃતિ સાથે ઈર્ષ્યા-દ્વેષ મુક્ત થઈ શ્રેષ્ઠ પ્રદર્શન કરવું એ જ સાચી સ્પોર્ટ્સમેનશિપ છે. ખેલાડીનું શ્રેષ્ઠ ચરિત્ર જ તેની સાચી સુવર્ણ ટ્રોફી છે, જે તેને પદકની દોડથી મુક્ત કરી આત્મ-સાક્ષાત્કાર કરાવે છે.

## Chaptert - 2

**મૌર્ય અને ગુપ્ત કાળ** ભારતીય ઈતિહાસના **'સ્વર્ણ યુગ'** માનવામાં આવે છે. આ દરમિયાન રમતોનું સ્વરૂપ ન માત્ર મનોરંજક હતું, પરંતુ તેઓ રાજકીય નીતિ, સૈન્ય પ્રશિક્ષણ અને આધ્યાત્મિક અનુશાસનનો એક અટૂટ હિસ્સો હતા.

**મૌર્ય કાળ (322 ઈ.પૂ. - 185 ઈ.પૂ.)** માં રમતોને રાજ્યની સ્થિરતા અને નાગરિક અનુશાસન સાથે જોડવામાં આવતી. ચાણક્યના **'અર્થશાસ્ત્ર'**માં રમતોના પ્રબંધન અને તેમના નૈતિક નિયમોનું વિસ્તૃત વર્ણન મળે છે.

મૌર્ય કાળમાં **સૈન્ય પ્રશિક્ષણ અને શૌર્ય**ને ઘણું મહત્વ આપવામાં આવતું હતું, જેમાં **મૃગયા** (શિકાર) અને **રથ-દોડ** પ્રમુખ રમતો હતી. શિકારી માટે એવો કડક નિયમ હતો કે તે માત્ર હિંસક અથવા આવશ્યક પશુઓનો જ આખેટ (શિકાર કરવો) કરે, જે અકારણ હિંસા વિરુદ્ધ એક મજબૂત નૈતિક સીમા નિર્ધારિત કરતું હતું. આ પ્રકારે, રમતોનો ઉપયોગ મનોરંજનની સાથે-સાથે યોદ્ધાઓમાં અનુશાસન અને પ્રકૃતિ પ્રત્યે સન્માન પેદા કરવા માટે કરવામાં આવતો હતો. આ જ કાળમાં મલ્લયુદ્ધ અને અખાડાઓને પણ વિશેષ રાજકીય સંરક્ષણ પ્રાપ્ત હતું, જ્યાં પહેલવાનો (મલ્લો)ને ઉચ્ચ સ્તરનું પ્રશિક્ષણ આપવામાં આવતું હતું. આ રમતોનો મુખ્ય ઉદ્દેશ્ય શરીરને **'વજ'** સમાન શક્તિશાળી બનાવવાનો હતો, જેથી ખેલાડી માત્ર પોતાની શક્તિનું પ્રદર્શન ન કરે પરંતુ આવશ્યકતા પડવા પર ધર્મ અને રાષ્ટ્રની રક્ષા માટે પણ તત્પર રહે. આ શારીરિક બળ અને આધ્યાત્મિક સંકલ્પના મેળાપનું એક અદ્દ્ભુત ઉદાહરણ હતું.

રમતોની પવિત્રતા જાળવી રાખવા માટે આચાર્ય ચાણક્યએ કડક (ચુસ્ત) નૈતિક નિયમો લાગુ કર્યા હતા અને **જુગાર** (દ્યૂત) જેવી રમતો પર કઠોર નિયંત્રણ રાખ્યું હતું. તેમનો ઉદ્દેશ્ય નાગરિકોને અનૈતિકતા અને દેવાના જાળમાં ફસાવાથી બચાવવાનો હતો, જેથી સમાજની ઉત્પાદકતા અને શુચિતા જળવાઈ રહે. રમતના મેદાનમાં કોઈપણ પ્રકારના **'છળ'** ને એક દંડનીય અપરાધ માનવામાં આવતો હતો, જેનાથી ખેલાડીઓમાં **ઈમાનદારી** અને **સત્યનિષ્ઠા**નો વિકાસ થતો હતો. આગળ જતાં, સમ્રાટ અશોકના કાળમાં બૌદ્ધ ધર્મના પ્રભાવથી રમતોના સ્વરૂપમાં મોટું પરિવર્તન આવ્યું અને તેમાં **'અહિંસા'** અને **'દયા'** ના ભાવનો સમાવેશ થયો. હિંસક રમતોના સ્થાને એવા સામાજિક ઉત્સવોને-આયોજનોને પ્રોત્સાહન આપવામાં આવ્યું, જ્યાં શારીરિક બળને બદલે માનસિક શાંતિ અને આત્મિક વિકાસ પર વધુ ભાર આપવામાં આવતો હતો. આ પ્રકારે, ભારતીય રમત પરંપરા હંમેશાથી જ નૈતિક મૂલ્યો અને લોક કલ્યાણની ભાવનાથી ઓતપ્રોત

રહી છે.

**ગુપ્ત કાળ - રમતોનો ચરમોત્કર્ષ- બૌદ્ધિક ઊંડાણ ભારતીય સંસ્કૃતિના સુવર્ણ યુગ.**

**ગુપ્તકાળ (319 ઈ. - 550 ઈ.)**માં રમતોની અંદર **'બૌદ્ધિક કૌશલ'** અને **'આધ્યાત્મિક શાંતિ'**નો એક અદ્ભુત સંગમ જોવા મળે છે. આ જ કાળમાં વિશ્વ પ્રસિદ્ધ રમત **ચતુરંગ (શતરંજ)**નો જન્મ થયો, જે ભારતીય દર્શનના **'કર્મ અને નિયતિ'**ના સિદ્ધાંતને જીવંત રૂપમાં દર્શાવતો હતો. આ રમત શીખવતી હતી કે એક બુદ્ધિશાળી વ્યક્તિ વિપરીત પરિસ્થિતિઓમાં પણ **ધૈર્ય, વિવેક** અને માનસિક સંયમના માધ્યમથી વિજય પ્રાપ્ત કરી શકે છે. ચતુરંગ માત્ર મનોરંજન નહીં, પરંતુ રણનીતિક વિચાર અને માનસિક દ્રઢતાને વિકસિત કરવાનું એક આધ્યાત્મિક માધ્યમ હતું. આ જ સમયમાં ક્રીડા અને યોગનો ઊંડો સમન્વય સ્થાપિત થયો, જેનો પુરાવો આપણને કાલિદાસની અમર રચનાઓ અને તત્કાલીન મૂર્તિકળામાં મળે છે. **ધનુર્વિદ્યા** (Archery)ને માત્ર એક સૈન્ય કળા ન માનીને એક **'સાધના'**ના રૂપમાં સ્વીકારવામાં આવી, જ્યાં બાહ્ય લક્ષ્યને વીંધવું વાસ્તવમાં મનની એકાગ્રતાનું એક આધ્યાત્મિક પરીક્ષણ માનવામાં આવતું હતું.

શરીરને યોગની મુદ્રાઓમાં ઢાળવું અને તેને સાધનાનું માધ્યમ બનાવવું આ યુગની પ્રમુખ વિશેષતા હતી. આની સાથે જ, ગુપ્ત કાલીન ચિત્રોમાં મહિલાઓને **કંદુક-ક્રીડા** (દડાની રમત) કરતી દર્શાવવામાં આવી છે, જે એ વાતનું પ્રતીક છે કે તે સમયનો સમાજ શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યે ન માત્ર જાગૃત હતો, પરંતુ રમતોમાં મહિલાઓની ભાગીદારીના માધ્યમથી સમાનતાના નૈતિક મૂલ્યોને પણ પોષિત કરતો હતો. ઘોડેસવારી અને ઊંટ-દોડ જેવી સાહસિક રમતોમાં **પોલો**નું પ્રાચીન રૂપ **(ચૌગાન)** પણ અત્યંત લોકપ્રિય હતું, જેમાં સાહસની સાથે-સાથે પશુઓ પ્રત્યે **'મૈત્રી ભાવ'** અને તેમની સાથે ઊંડા સામંજસ્યને વિશેષ મહત્વ આપવામાં આવતું હતું. આ દર્શાવે છે કે તે કાળમાં રમત માત્ર જીત-હાર સુધી સીમિત ન હતી, પરંતુ તે જીવમાત્ર પ્રત્યે સંવેદના અને આત્મિક વિકાસની પ્રક્રિયાનો હિસ્સો હતી. આ પ્રકારે ગુપ્ત કાળે રમતોને શારીરિક વ્યાયામના સ્તરથી ઉઠાવીને એક ઉચ્ચ બૌદ્ધિક અને આધ્યાત્મિક ધરાતલ પ્રદાન કર્યું, જેણે ભવિષ્યની પેઢીઓ માટે એક મહાન આદર્શ સ્થાપિત કર્યો.

**ઐતિહાસિક વિરાસતથી રાજયોગની આવશ્યકતા સુધી -** ભારતીય ઈતિહાસની આ શૃંખલામાં આપણે જોયું કે **મૌર્ય** અને **ગુપ્ત** કાળે રમતો પ્રત્યેની પોતાની વિશિષ્ટ વિચારધારાઓથી સંસ્કૃતિને સમૃદ્ધ કરી. જ્યાં મૌર્ય કાળનો મુખ્ય ઉદ્દેશ્ય **'અનુશાસન** અને **સૈન્ય દક્ષતા'**ને વધારવાનો હતો, ત્યાં જ ગુપ્ત કાળમાં રમતોનો ઝુકાવ **'માનસિક કૌશલ્ય** અને **કલાત્મક અભિવ્યક્તિ'** તરફ વધુ રહ્યો. નૈતિક ધરાતલ પર મૌર્ય કાળે કર્તવ્ય અને નિયમોના પાલનને પ્રાથમિકતા આપી, જ્યારે ગુપ્ત કાળે ધૈર્ય, વિવેક અને આધ્યાત્મિક સંતુલન જેવા ગુણોને સમાહિત કર્યા. જ્યાં મૌર્યકાલીન રમતોનું મૂળ **'ધર્મ** અને **સંયમ'** માં નિહિત હતું, ત્યાં જ ગુપ્ત કાળે રમતોને **'સાધના** અને **બૌદ્ધિક ઉત્કર્ષ'**ના સ્તર સુધી પહોંચાડી. આ બંને કાળના સમન્વયે એ સિદ્ધ કર્યું કે એક સાચો ખેલાડી એ જ છે જેનું શરીર યોદ્ધા જેવું બળવાન અને મન યોગી જેવું શાંત હોય.

આજના આધુનિક યુગમાં, જ્યાં રમતો અત્યંત પ્રતિસ્પર્ધા, માનસિક તણાવ અને પ્રદર્શનના દબાણથી ઘેરાઈ ગઈ છે ત્યાં

રાજયોગની આવશ્યકતા અનિવાર્ય થઈ ગઈ છે. વર્તમાન સમયમાં ખેલાડીઓ અવારનવાર હારના ડર અને **'જીતની આંધળી દોટ'**ને કારણે માનસિક સંતુલન ખોઈ દે છે. આવી સ્થિતિમાં રાજયોગ એક એવું આધ્યાત્મિક પીઠબળ છે જે ખેલાડીને **'અચલ-અડોલ'** રહેતા શીખવે છે. રાજયોગના માધ્યમથી ખેલાડી પોતાની **એકાગ્રતા** (Focus) ને સર્વોચ્ચ શિખર પર લઈ જઈ શકે છે અને દબાણપૂર્ણ ક્ષણોમાં પણ સાચો નિર્ણય લઈ શકે છે. આ પ્રાચીન **'સાધના'** અને આધુનિક **'સ્પોર્ટ્સ'** વચ્ચેનો એ સેતુ છે જે ખેલાડીને ન માત્ર શારીરિક રીતે ફિટ (સજ્જ) રાખે છે, પરંતુ તેને માનસિક રીતે પણ શક્તિશાળી બનાવે છે. તેથી, જ્યારે આજનો ખેલાડી રાજયોગને અપનાવે છે, ત્યારે તેની કળામાં દિવ્યતા આવી જાય છે અને તે ગૌરવશાળી વિરાસતને પુનર્જીવિત કરતા વિશ્વ શાંતિનો દૂત બની જાય છે.

**'મેદાનમાં મર્યાદા, મનમાં પ્રભુનું ધ્યાન;**
**એ જ છે સાચા ખેલાડીની વાસ્તવિક ઓળખ.'**

આગામી શૃંખલામાં આપણે 'રમત અને યોગ'ના અટૂટ સંબંધની સાથે-સાથે 'ભક્તિ અને શક્તિ'ના અદ્‌ભુત સમન્વય પર વિગતવાર ચર્ચા કરીશું. આ વિશ્લેષણ ખેલાડીઓના શારીરિક સામર્થ્ય અને માનસિક શાંતિ વચ્ચેના ઊંડા જોડાણને ઉજાગર કરશે. ॥ **ઓમ શાંતિ** ॥

- **સદા હર્ષિત રહેવું છે તો દરેક દૃશ્યને સાક્ષી બનીને જુઓ.**
- **હદની ઈચ્છાઓથી મુક્ત બનવું એજ મહાન સંપત્તિવાન બનવું છે.**
- **જો તમે તમારા કામથી સંતુષ્ટ છો તો થાક અનુભવશો નહીં.**

(પેજ નં. 10નું અનુસંધાન)**...મુશ્કેલ કોઈ આન**

છીએ પડીને જાતે જ ઊભો થશે, તો જ તે જીવન આગળ વધી શકે છે. આપણે તે બાળકોને ચાલતા શીખવું હોય તો અનેક વાર પડતાં પણ જોવા મળે છે અને ત્યારે જ તે બાળકો મજબૂત બને છે.

વર્તમાન સમયે નિતનવા સંઘર્ષની દુનિયામાં અને મુશ્કેલીઓના મોલમાં અનેક યુવાનો બુદ્ધિજીવી લોકો થોડી આફતમાં નિરાશાથી ડરી જાય છે. એકાદવાર થયેલી હારને સદા યાદ રાખીને લઘુતાગ્રંથિનો અનુભવ કરતા રહે છે. પોતાને સદા કમજોર અનુભવે છે. આપણે સૌ કાગળની હોડી બનીને દરિયામાં જઈશું તો એક જ મુસીબતની છાલક આપણી કાગળની હોડીની ભીંજવી દેશે. પરંતુ આપણે તો કાગળની હોડી બનવાનું નથી. પરંતુ લાકડાની હોડી બનવાનું છે. ન કેવળ આપણા માટે પરંતુ બીજાઓ માટે પણ સાગર પાર જવાનું છે. ॥ **ઓમ શાંતિ** ॥

(પેજ નં. 07નું અનુસંધાન)... બાળસરિતા

પરમાત્માની પ્રાપ્તિ, ગુણ અને શક્તિનો ધોધ હમણાં થશે. એટલે કહેવાય છે કે,

કલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
પલ મેં વિનાશ હોગા, ફિર કરેગા કબ.

કાલ કાલ કરતાં તો કાળ (મૃત્યુ) આવી જશે. બાળપણથી જ એટલે સમજ્યા ત્યારથી જીવનરૂપી ઈમારત (ઘર)માં ગુણ, શક્તિ, સમજવાની શક્તિને ઉપયોગમાં લેવાના હોય છે. ખરુંને બાળકો? 'કૂમળો છોડ જેમ વાળો તેમ વળે.' અને ખરેખર કહેવાય છે ને 'પાકા ઘડે કાંઠલો ન ચડે' એમ બાલ્યાવસ્થાથી જ ગુણ, જ્ઞાન, શક્તિનો સાથે-સાથે ઉપયોગ કરવાનો હોય છે. ખરુંને બાળકો. સમજાયું આ ઘટનામાંથી... તો ચાલો ફરી પાછા મનમંદિરની પરસાળમાં આવતા

# નવી કોલમની શરૂઆત

દૈવી બહેનો, જ્ઞાનામૃતના સૌ વાચકો, ચાહકો અને સભ્યોને જણાવતા અતિ આનંદ થાય છે કે, જ્ઞાનામૃતમાં જૂન - 2026થી એક નવી કોલમ **'વાચકોના પ્રતિભાવો'** શરૂ કરી છે.

આપ સૌ વાચકો જ્ઞાનામૃતમાં પ્રકાશિત થતા વિવિધ લેખો, સામગ્રી, ફોટા, કવરપેજ કે અન્ય બાબતો અંગે પણ આપના અમૂલ્ય પ્રતિભાવો, સૂચનો ગુજરાતી જ્ઞાનામૃતના

**ઈ-મેલ gyanamrit.guj@gmail.com**

અથવા **WhatsApp - 94267 08448**

ઉપર અવશ્ય મોકલશો. જેને વાચકોના નામ, વિશિષ્ટ હોદ્દો હોય તો હોદ્દા સાથે, શહેર અથવા ગામના નામ સાથે આવનારા અંકોમાં સહર્ષ છાપીશું.

## સંગમયુગની પ્રશ્નાવલી ભાગ - 5ના જવાબો

| | | | |
|---|---|---|---|
| 1. | દિલશિકસ્ત | 2. | સ્વમાન |
| 3. | નિશ્ચયબુદ્ધિ | 4. | ડ્રામા |
| 5. | મોટું દિલ | 6. | સત્યતાની |
| 7. | સુખ | 8. | શુભચિંતન |
| 9. | મહાન | 10. | ફોલો ફાધર |
| 11. | એક્યુરેટ | 12. | ઉન્નતિ |
| 13. | સર્વસ્વ | 14. | બ્રાહ્મણ |
| 15. | પરેશાની | 16. | શાનદાર |
| 17. | ભોજન | 18. | કર્મ |
| 19. | અવિનાશી જ્ઞાન | 20. | સંતુષ્ટ |
| 21. | શુભ વાયબ્રેશન | 22. | ફોલો ફાધર |
| 23. | ઉન્નતિ | 24. | સત્ય |
| 25. | વ્યર્થ | | |

# વાચકોના પ્રતિભાવ

મે-2026નો અંક વાંચવા મળ્યો. જેમાં મમતાબેન શર્માના 'જ્ઞાનબીજ' લેખમાં ઘણું સરસ જાણવા મળ્યું કે, વાવવા છે બીજ મારે બાળકોને દિલ મહી... સાથે બ્ર.કુ. શિવાનીબેનનો 'પારિવારિક સુખ આનંદનું આધ્યાત્મિક રહસ્ય - ઘર બને મંદિર' જીવનમાં ઉપયોગી લેખ છે. ડો. મુકેશભાઈ પટેલના લેખમાં આત્માની શક્તિઓની સમજ અને ફરિસ્તા અવસ્થા આત્માની 12 નિશાનીઓની સરસ સમજૂતી આપી છે. આ ઉપરાંત 'પ્રશંસા પ્રત્યે વિતૃષ્ણા', 'રાજ્યોગીની ગીતાદીદીનું અવ્યક્ત આરોહણ' વગેરે બાબાના બાળકોના દરેક લેખ ખૂબ ખૂબ સુંદર રહ્યા.

**મોકલનાર - નાનુભાઈ ગરાંભા,**
મું. પો. સાયલા (ભગતનું ગામ),
જીલ્લો. સુરેન્દ્રનગર (13-05-2026)

જ્ઞાનામૃત માસિક પત્રિકામાં આપે વાચક મિત્રો પાસેથી કોલમ 'વાચકોના પ્રતિભાવો' નામનો નવો વિભાગ શરૂ કર્યો. તે જાણી ઘણો આનંદ થયો. હું છેલ્લા 50 વર્ષથી જ્ઞાનામૃતનો સભ્ય છું અને નિયમિત વાંચન કરું છું. જ્ઞાનામૃતનું સંકલન ખૂબ સરસ છે.

**મોકલનાર - ડો. કાંતિલાલ વી. બારડોલીયા,**
સુરત (28-05-2026)

**॥ ઓમ શાંતિ ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Dr. Nandini Harshadrai Dwivedi

# સંગમયુગની પ્રશ્નાવલી ભાગ - 5

દૈવી ભાઈઓ અને બહેનો,

નવીનતાસભર ઈશ્વરીય જ્ઞાનખજાનો સંગમયુગની પ્રશ્નાવલી ભાગ - 4 જ્ઞાન-ચિંતનના આધારે અહીં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પ્રશ્નાવલીમાં ભરશો. આ પ્રશ્નાવલીના જવાબો આ જ અંકમાં અંદર આપેલ છે. તમારા જવાબોને સાચા જવાબો સાથે જરૂર ચકાસી જુઓ.

1. જો સ્વમાં નિશ્ચય નથી તો __________ બની જાય છે.
2. એક-એક ______________ ને સ્મૃતિમાં લાવો તો કેટલો નશો ચઢે છે.
3. દરેક કર્મમાં __________ અર્થાત્ સ્વમાનધારી વિજયી.
4. _______નાં નિશ્ચયથી સમસ્યાને સમાધાન સ્વરૂપમાં બદલી દે છે
5. પરિવારમાં ________ અને દરેકનાં પ્રત્યે શુભ ભાવના, શુભકામનાની સ્થિતિ રાખો.
6. પોતાનાં સત્ય સ્વરૂપની સ્મૃતિ હોય તો_______શક્તિ આવી જશે.
7. જે મહાન આત્માઓ હોય છે એમના દરેક વ્યવહારથી _______નું દાન મળે છે.
8. _________ દ્વારા નેગેટિવને પોઝિટિવમાં પરિવર્તન કરો.
9. ________બનવા માટે મધુરતા અને નમ્રતાનો ગુણ ધારણ કરો.
10. દરેક કદમમાં __________રાખી, આ જ પાલનાનું રિટર્ન આપો.
11. બાપની યાદમાં __________રહો તો તમારો ચહેરો સદા ચમકતો ખુશનુમા રહેશે.
12. બાપનાં દરેક ડાયરેક્શન પર ચાલીને પોતાની __________કરવાની છે
13. ટ્રસ્ટી તે છે જે પોતાનું___________બાપ હવાલે કરી દે
14. __________ આત્માઓનાં બોલ સાધારણ બોલ ન હોય.
15. શાનમાં રહેવાથી ભિન્ન-ભિન્ન પ્રકારની __________ઓ સ્વતઃ સમાપ્ત થઈ જશે.
16. જે પોતાની ઊંચી શાનમાં સ્થિત રહે એમને માન પણ સ્વતઃ પ્રાપ્ત થાય અને એમનાં દરેક કર્મ __________હોય છે
17. યાદમાં જ ___________બનાવવાનું અને ખાવાનું છે.
18. જે _________ અમે કરીશું, અમને જોઈ બીજા પણ કરશે
19. બાપ પાસેથી જે _____________નું ધન મળે છે, તે દાન કરવાનું છે.
20. જેમાં સહનશીલતાનો ગુણ હોય છે તે સૂરતથી સદૈવ________ દેખાય છે,
21. જે વાણી દ્વારા નથી બદલતા એમને __________ દ્વારા બદલી શકો છો.
22. દરેક સંકલ્પ, બોલ અને કર્મમાં ___________કરો.
23. _________કરવા વાળા બાળકો ક્યારેય પણ છુપાઈ નથી શકતાં
24. ________નાં સાથે અસત્ય મિક્સ થતાં જ ખુશી ગાયબ થઈ જાય છે.
25. વાચાને ___________થી બચાવો તો બાપને પ્રત્યક્ષ કરવાનો અવાજ બુલંદ થશે..

**(ઉન્નતિ, વ્યર્થ, સત્ય, ફોલો ફાધર, અવિનાશી જ્ઞાન, સંતુષ્ટ, ભોજન, શાનદાર, શુભ વાયબ્રેશન, પરેશાની, કર્મ, બ્રાહ્મણ, શુભચિંતન, સર્વસ્વ, ઉન્નતિ, એક્યુરેટ, ફોલો ફાધર, સ્વમાન, નિશ્ચયબુદ્ધિ, ડ્રામા, મોટું દિલ, મહાન, સત્યતાની, સુખ, દિલશિકસ્ત)**



ભુજ તપસ્યાધામ સેવાકેન્દ્ર ખાતે આયોજીત 'લીટલ યોગી સમર કેમ્પ'નાં કાર્યક્રમમાં નાના ભુલકાઓ સાથે બ્ર.કુ. રક્ષાબેન.



સુરત મોટા વરાછા ખાતે 'શાઈનીંગ સ્ટાર સમર કેમ્પ'માં ભુલકાગણ સાથે કસવારા સ્કુલના ટ્રસ્ટી જગદીશભાઈ, બ્ર.કુ. મીનાબેન.



સોનગઢ ફોર્ટમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજીત 'સમર યોગ કેમ્પ'માં બાળકોને વૃક્ષ બચાવોના થીમ આધારીત મુલ્ય શિક્ષણ આપ્યા બાદ યોગ શિક્ષકો સાથે બ્ર.કુ. પિંકીબેન.



ઉદવાડામાં 'બાળ વ્યક્તિવ વિકાસ શિબિર'માં એલ.ઈ. કલબના પ્રમુખ રૂકસાના દસ્તુર, ગાંધી વિદ્યાલયના ટ્રસ્ટી સોનલબેન ગાંધી, સામાજીક કાર્યકર્તા કિશોરભાઈ, બ્ર.કુ. પારૂલબેન, બ્ર.કુ. મીનલબેન.



ઉમરપાડામાં 'ત્રિદિવસીય ઉનાળુ શિબિર'ના બાળકો, શિક્ષકો રાહુલભાઈ અને ભાવિકાબેન, બ્ર.કુ. મીનાબેન, બ્ર.કુ. કલ્પનાબેન.



નખત્રાણા ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજીત 'સમર યોગ કેમ્પ'માં બાળકોને રાજયોગ મેડીટેશનનો પરિચય આપતાં બ્ર.કુ. ટવીન્કલબેન બાજુમાં યોગ શિક્ષકો.



અમદાવાદ ચાંદખેડામાં 'સંસ્કાર કી પાઠશાળા શિબિર'ના ઈનામ વિતરણ પ્રસંગે બાળવૃંદ સાથે બ્ર.કુ. સંગીતાબેન, વિશ્વકર્મા એન્જીયરીંગ કૉલેજના પ્રો. ઈન્દ્રજીતભાઈ ત્રિવેદી તથા અરૂણભાઈ.



બાલાગામમાં 'વિશ્વ શ્રમિક દિવસે' ઉપસ્થિત જીલ્લા પંચાયતના સભ્ય વિન્સુબેન, તાલુકા પંચાયતના સભ્ય રાજલબેન, તલાટી રમેશભાઈ, ઉપસરપંચ બાવનજીભાઈ, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. રૂપાબેન.



અમરેલીમાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' બ્રહ્માવત્સો સાથે RFO ભ્રાતા જયરાજભાઈ વાળા, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. કિંજલબેન.




સુરત પરવત ખાતે 'વિશ્વ પર્યાવરણ દિવસે' જનજાગૃતિ ફેલાવવા આયોજીત રેલીમાં બ્ર.કુ. સંગીતાબેન તથા બ્રહ્માવત્સો.



માંજલપુર સેવાકેન્દ્ર દ્વારા 'પર્યાવરણ દિવસે' વરણામા ગામના મંદિરે વૃક્ષારોપણ કાર્યક્રમમાં મહિલા સમુહ સાથે તાલુકા પંચાયતના પ્રમુખ પારૂલબેન, બ્ર.કુ. ધીરજબેન, બ્ર.કુ. રીટાબેન.



ભાવનગર સેવાકેન્દ્ર ખાતે 'વિશ્વ પર્યાવરણ દિને' બ્રાહ્મણ ફુલવાડીને વિવિધ પ્રકારના છોડ અર્પણ કર્યા બાદ સંગઠનમાં બ્ર.કુ. તૃપ્તિબેન.



સુરત કામરેજમાં 'વિશ્વ પર્યાવરણ દિને' માઈક્રોગ્રીન જાગૃતિ કાર્યક્રમમાં સહભાગી બ્રહ્માવત્સોના સમુહ સાથે બ્ર.કુ. રીમાબેન.



સુરત અમરોલીમાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' હરિયાળી ધરતીના સંકલ્પ સાથે છોડ વિતરણ બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. કવિતાબેન.



પાસોદરામાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' સંસ્થાના નવદશકોત્સવ નિમિતે ૯૦ ભાઈ-બહેનોને છોડની સોગાત આપ્યા બાદ ગ્રુપમાં બ્ર.કુ.હર્ષાબેન.



અબ્રામામાં 'માતૃ દિવસે' 'મા-સુખી પરિવારની આધારશીલા' કાર્યક્રમમાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાદ માતાઓ, બ્ર.કુ. સંગીતાબેન.




માળીયા હાટીનામાં પધારેલ નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ જીતુભાઈ સીસોદીયા, ચેમ્બરના પ્રમુખ મહેન્દ્રભાઈ, ડૉ. ગૌતમભાઈ, બ્ર.કુ. યુગરતનભાઈ, બ્ર.કુ. મીતાબેન, બ્ર.કુ. રૂપાબેન.



અમદાવાદ સુખશાંતિ ભવનમાં 'સ્પીરીચ્યુઅલ કિડ્ઝ કેમ્પ'ના સમાપનમાં એન્જલ ગ્રુપ સાથે બ્ર.કુ. ડૉ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. જયશ્રીબેન, બ્ર.કુ. દિપ્તીબેન.



વડોદરા અલકાપુરી દ્વારા 'વિશ્વ તમાકુ નિષેધ દિવસે' રેલ્વે સ્ટેશને વ્યસન મુક્તિ કાર્યક્રમમાં રેલ્વે સ્ટેશનના ડાયરેક્ટર ભ્રાતા કૃષ્ણગોપાલ સોની, રેલ્વેના અધિકારીઓ સાથે બ્ર.કુ. ડિમ્પલબેન.



પોરબંદર ખાતે 'વિશ્વ નર્સ ડે'ના કાર્યક્રમમાં નર્સ ગ્રુપ સાથે સિવિલ હોસ્પીટલના નર્સીગ સુપ્રિન્ટેન્ડટ ભગિની દમંયતીબેન, નર્સીગ સ્કુલના આર્ચાય ભગિની મયુરીબેન મહેતા, બ્ર.કુ. ગીતાબેન.



કેશોદમાં 'વિશ્વ નર્સ ડે' નિમિતે આયોજીત 'હમારી નર્સે-હમારા ભવિષ્ય'ના કાર્યક્રમ બાદ ગ્રુપમાં નર્સ સાથે બ્ર.કુ. રૂપાબેન.




સુરત ખોલવડમાં 'વિશ્વ નર્સ ડે' નિમિતે કિંજલ હોસ્પીટલમાં આયોજીત કાર્યક્રમ બાદ ડૉ. કિષ્નાબેન, નર્સ બહેનો સાથે બ્ર.કુ. અંકિતાબેન.



છારીયામાં 'વર્લ્ડ એનવાયરમેન્ટ ડે' પર પર્યાવરણ સુરક્ષાનો સંદેશ આપતાં બ્ર.કુ. ભીખાભાઈ બાજુમાં બ્ર.કુ. મહર્ષિભાઈ, બ્ર.કુ. રતનબેન, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. રાજેશભાઈ, બ્ર.કુ. કનુભાઈ.



વસોમાં ધોરણ ૧૦-૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન બાદ સમુહચિત્રમાં સરપંચ દિપકભાઈ, કેળવણી મંડળના પ્રમુખ ઉદયભાઈ, ડૉ. વિપુલભાઈ, વિઝન સ્કુલના ડાયરેક્ટર જીજ્ઞેશભાઈ, બ્ર.કુ. તરૂબેન.




રાજકોટ ખાતે સંત સંમેલન 'આધ્યાત્મિક્તા દ્વારા સનાતન સંસ્કૃતિની રક્ષા'માં રાજયોગિની ભારતીદીદી, મહામંડલેશ્વર આશુતોષ મહારાજ, ડૉ. રવિદર્શન મહારાજ, સ્વામી ગૌરીકાંતનંદજી મહારાજ, સ્વામી આનંદસ્વરૂપ, મહંત શ્રી અખંડ બ્રહ્માનંદ, સંત શ્રી મસ્તરામ બાપુ, ભ્રાતા રાજેન્દ્રપ્રસાદ જોષી, હુબલીના ભગવદગીતાના વક્તા બ્ર.કુ. વીણાબેન, બ્ર.કુ. નલિનીબેન.




ઉમરગામમાં વન વિભાગ દ્વારા આયોજીત 'વૃક્ષારોપણ કાર્યક્રમ'માં પધારેલ ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત સાથે શુભેચ્છા મુલાકાત કરતાં બ્ર.કુ. ચેતનાબેન, બ્ર.કુ. ઉમેશભાઈ સાથે MLA રમણભાઈ પાટકર, કલેક્ટર ભ્રાતા ભવ્ય વર્મા IAS, DDO ભ્રાતા ગૌરાંગભાઈ મકવાણા IAS.



સુરત સરથાણામાં સ્પાર્ક વીંગની મીટીંગનું ઉદ્‌ઘાટન કરતાં અધ્યક્ષા બ્ર.કુ. અંબિકાબેન, બ્ર.કુ. પુર્ણિમાબેન, રાષ્ટ્રીય સંયોજક બ્ર.કુ. શ્રીકાંતભાઈ, મુખ્યાલય સંયોજક બ્ર.કુ. સંજયભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. જૈમિનાબેન.



મહેસાણા સેવાકેન્દ્રમાં મહાનગરપાલિકાના નવનિયુક્ત મેયર ભગિની સોનલબેન ઓઝાનું સન્માન કર્યા બાદ ઈશ્વરીય સોગાદ અર્પણ કરતાં બ્ર.કુ. સરલાબેન.




સુરત વરાછા સેવાકેન્દ્ર ખાતે 'ટ્રાન્સપોર્ટ ટ્રાવેલ પ્રભાગ'નાં 'સડક સુરક્ષા પ્રેરણાદાયક સેમિનાર'નું ઉદ્‌ઘાટન કરતાં સુરત શહેર પોલિસ કમિશનર ભ્રાતા સજ્જનસિંહજી IPS, Ex. DCP બ્ર.કુ. વિનયભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન સાથે બ્રહ્માકુમારી બહેનો.



રાજકોટ રવિરત્ન ખાતે 'મારું ગૌરવ-ભગવદ ગીતા'ના કાર્યક્રમમાં મ્યુનિસિપલ કૉરપોરેટર ઘનશ્યામભાઈ, જોત્સનાબેન, નીતાબેન લાલ, ઉમાસદનના ચેરમેન ભ્રાતા ગીરીશભાઈ ચારોલા, ઉમા અમૃતમ યોજનાના અધ્યક્ષ પ્રવિણભાઈ ભુવા, ભગવદ ગીતાના વક્તા બ્ર.કુ. વીણાબેન, બ્ર.કુ. ભગવતીબેન, બ્ર.કુ. નલિનીબેન.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com